
કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું અગ્રગણ્ય માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ વર્ષ ૨૩ મું અંક ૮ મો

ઑગસ્ટ ઓગણીસસો છેંતાલીસ તંત્રી · બચુભાઈ રાવત



૨૭૨ મો અંક

'પ્રાતઃકાળ' (ફોટો · હીરાલાલ ભટ્ટ) આ માસની ફોટો-હરીફાઈમાં પહેલું ઈનામ જીતનારું ચિત્ર



જાપાની દૃશ્યચિત્ર

કુમાર

ઑગસ્ટ ૧૯૪૬

અંક ૨૭૨

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાય-દેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂા. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧-૪-૦.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક, કલકત્તા યુનિવર્સિટીના વાગીશ્વરી કલાપદના આચાર્ય અને 'રૂપમ્'ના તંત્રી
વિખ્યાત કલાવિવેચક **શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની** કલમથી લખાએલ

ચિત્ર-વિજ્ઞાન

અનુવાદક · સૌ. શ્રી અપર્ણાબેન ત્રિવેદી

જનસામાન્યને પણ સમજાય તેવી સાદી સરળ રીતે અને સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રો સાથે
કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી આ અત્યંત ઉપયોગી લેખમાળા
'કુમાર'ના વાચકો માટે કલાશિક્ષણના ને હિંદી કલાની સમજણના એક મહત્ત્વના અભ્યાસક્રમ જેવી બની રહેશે. એનો લાભ રખે કોઈ ચૂકે.

ચિત્ર કોને કહેવાય ? એક તો એ કે : જેને જોવાથી આંખ તૃપ્ત થાય તે દૃષ્ટિમધુર સામગ્રીનું નામ ચિત્ર ને બીજું: જેનાથી ચિત્ત કે મનને તૃપ્તિ અથવા આનંદ થાય તેનું નામ ચિત્ર.

પહેલાં તો, આંખને તૃપ્તિ કોનાથી થાય અને કેમ થાય તેનો વિચાર કરીએ. પ્રકૃતિનાં જુદાંજુદાં રૂપોની આકૃતિ ઘણી જુદીજુદી જાતની રેખાઓ વડે બનાવાય છે. આ રેખાઓમાં બે જાતની રેખાઓ મુખ્ય છે. એકઃ સરળ રેખા–સીધી લીટી (જુઓ ચિત્ર નં.૧); અને બીજી: વક્ર રેખા–વાંકી લીટી (જુઓ ચિત્ર નં. ૨).

પ્રકૃતિની આકૃતિઓનાં જુદાંજુદાં રૂપોની છબિઓ મુખ્યત્વે આ બે જાતની રેખાના સમાવેશથી બનાવાય છે (ચિત્ર નં. ૩).

પ્રકૃતિની આકૃતિઓ ઉપર નજર ફેરવતાં તેનાં જુદાંજુદાં રૂપો કેવાં હોય છે તેનો આપણને અનુભવ થાય છે. કોઈકોઇ રૂપમાં સીધી રેખા મુખ્ય હોય છે. દાખલા તરીકે સાધારણ પહાડનું રૂપ (ચિત્ર નં. ૪); ત્યારે કોઇકોઇ રૂપમાં વક્ર રેખા મુખ્ય હોય છે. જેમકે ઝાડ-નાં પાંદડાં (ચિત્ર નં. ૫). સાધારણરીતે સીધી અને વાંકી રેખાના જુદાજુદા મિશ્રણ વડે પ્રકૃતિનું રૂપનિર્માણ થયું છે. (ચિત્ર નં. ૩).


કોઈપણ રેખા જોતી વેળા આપણે આંખની કીકી ફેરવવી પડે છે. કીકીની બે બાજુની માંસપેશીની મદદથી આપણે તે ફેરવી શકીએ છીએ (ચિત્ર નં. ૬). સીધી રેખા પર આંખ ફરતી વેળા આ માંસ-પેશી એકસરખી રીતે હાલે છે; કીકીને ઊંચીનીચી કરવી પડતી નથી. પણ વાંકી રેખા (ચિત્ર નં. ૭) જોતી વખત આંખની કીકીને માંસપેશી એક વાર એક તરફ ઠેલે છે, ને થોડીવાર પછી બીજી તરફ ઠેલે છે (ચિત્ર નં. ૮). કીકીની આ બે જાતની ગતિમાં જ્યારે એક તરફની માંસપેશી કામ કરે છે ત્યારે બીજી તરફની માંસપેશી વિસામો લે છે. તેથી ગોળાકૃતિ અથવા વાંકી રેખાથી આંકેલા ચિત્ર પર ફરતી વખત આંખને કંઈ કષ્ટ તો થતું જ નથી, બલ્કે આરામ મળે છે; કારણકે એમાં એક પછી એક એમ બંને માંસપેશીને વારાફરતી વિસામો મળી રહે છે (ચિત્ર નં.૯). ઉલટું ઘણી લાંબી સીધી રેખા જોતાં આંખને થાક લાગે છે, કારણકે તેમાં માંસપેશીને ઘણીવાર સુધી એક જ જાતનો પરિશ્રમ કરવો પડે છે. (અનુસંધાન આગળ પૃ. ૧૮૪મે)

ચિત્ર નં. ૧






←ચિત્ર નં. ૨




ચિત્ર નં. ૩




← ચિત્ર નં. ૪





←ચિત્ર નં. ૫→



ચિત્ર નં. ૬

ચિત્ર નં. ૮→



ચિત્ર નં. ૭→



ચિત્ર નં. ૯→



તમારૂં ખમીર કેવું છે?

નીચેના દરેક એકરારમાંની કેટલી બાબતો તમારા જીવનમાં હાલ તમને લાગુ થાય છે તેની સામે વિચારપૂર્વક નિશાની કરતા જાઓ:

ક

૧ જિંદગીમાં ખૂબ મઝા આવતી લાગે છે.
૨ બધાં કરતાં આ વર્ષ તો બહુ જ સારૂં ગયું.
૩ હું સુખી અને નસીબદાર છું.
૪ દરેક પ્રસંગ આનંદ આપે છે.
૫ દિવસો સરસ રીતે વીતે છે.

ખ

૬ વખત પ્રમાણે વર્તી લઉં છું.
૭ જરા મુશ્કેલી હોય તોપણ પ્રસંગ નિભાવી લઉં છું.
૮ આ વર્ષ ઠીકઠીક છે; બધું કૈંક પાંશરૂં છે.
૯ જરાક આફત કે અડચણ તો હોયે ખરી.
૧૦ પ્રસંગો જરા સુધરતા જાય છે.

ગ

૧૧ ચડતીપડતી આવી ગઇ, પણ મોજમાં છું
૧૨ બહુ ખરાબ નહિ, બહુ સારૂં યે નહિ.
૧૩ થોડી મૂંઝવણો છતાં સંતોષથી રહું છું.
૧૪ નિભાવું છું; ભવિષ્યની સારી આશા છે.
૧૫ ઘણાની જિંદગી તો આના કરતાં યે વધુ દુઃખી હશે.

ઘ

૧૬ સંજોગોથી થાકી ગયો; હવે તો ભવિષ્યમાં કંઈક ઠીક થાય તો.
૧૭ ધારૂં છું એવો વળ ઊતરતો નથી.
૧૮ જિંદગીમાં સદા દળણું જ રહ્યું.
૧૯ પહેલાં કંઈક ઠીક હતું.
૨૦ હવે તો સુખ મળે તો સારૂં.

ચ

૨૧ આ વર્ષ મારા માટે ખરાબ ગયું.
૨૨ સંજોગોએ કાયરકાયર કરી નાખ્યો.
૨૩ જિંદગી અળખામણી લાગે છે.
૨૪ કોઈ ચીજ પાંશરી પડતી નથી.
૨૫ આંખે અંધારાં આવે છે.

કયા વિભાગમાં તમારી નિશાનીઓ વધુ પડી છે તે જુઓ. સર્વશ્રેષ્ઠ ખમીરવાળાની નિશાનીઓ 'ક' વિભાગમાં પડશે. ઠીકઠીક ખમીર '**ગ**' ભાગમાં આવશે; થોડા '**ખ**'માં પણ જશે. '**ઘ**'ને'**ચ**'માં નિશાનીઓ વધે તો તો તમારે જરૂર કોઈ ડાહ્યા માણસની સલાહ લેવી અને તમારૂં ખમીર ઉપલા વર્ગમાં આવે એ રીતે જીવન બદલવું. (યૉર લાઇફ)

મુશ્કેલી મર્દને વરે

· અનુષ્ટુપ ·

કદર બૂઝાય પોતાની   કૈંક તો મર્દને કરે,
જાણી સ્વ-માન અર્થે જ   મુશ્કેલી મર્દને વરે.
જેવાતેવા ભણી દૃષ્ટિ   વાળે ના, નવ કાતરે
પોતાની માળ આરોપે,   એને છે ભય કે 'અરે
રખેને વરમાળાની   અવજ્ઞા લોક આ કરે'.
સત્કારે મર્દ નિઃશંક   પૂછ્યા વિણ જ મોકળે
અને, તેથી નિરાશંક   મુશ્કેલી મર્દને વરે,
અસાધારણ વસ્તુઓ   અસામાન્ય પ્રતિ વળે,
અસાધારણ રીતેથી   એ કર ઊકેલ નીકળે,
તેથી સ્વોદ્ધાર અર્થેય   મુશ્કેલી મર્દને વરે.

'ઉશનસ્'

¶. 'કુમાર'ના માર્ચના અંકમાં At the Start નામની એક અંગ્રેજી કવિતાના પદ્યાનુવાદ માટે પાંચ રૂપિયાનું પારિતોષિક જાહેર કર્યું હતું. તે માટે આવેલી કૃતિઓ પૈકી આ નીચે આપેલી શ્રી પૂજાલાલની કૃતિ પારિતોષિકને પાત્ર ઠરી છે. આવેલી કૃતિઓમાં ઘણા કાચા પ્રયત્નો પણ હતા. કેટલીકમાં અમુકઅમુક પંક્તિઓના અનુવાદ ઘણા સચોટ હતા, પરંતુ સળંગ, એકધારો સુરેખ ને સમશ્લોકી અનુવાદ તો નીચે આપેલો જ નીવડ્યો છે. આવા પ્રકારનાં કાવ્યોના અનુવાદ માટે છંદની પસંદગી તથા કાવ્યબાનીમાં જોઇતી દૃષ્ટિનો પણ અભાવ અમને જણાયો છે. વિચારભાર વહેનારાં ભારેખમ છંદ-ભાષા કરતાં મૂળને વધુ નજીક જઈ રોચક બને તેવો પ્રવાહી ને પ્રચલિત છંદ તથા મૂળની સચોટતાને ઉતારે તેવી પ્રાસયુક્ત ને સરળ વેધક બાની આવા પદ્યાનુવાદો માટે વધારે ઉપયુક્ત બને. છતાં એમાં ભાગ લેનારાઓએ તે પાછળ જે પ્રયત્ન તથા શ્રમ દાખવ્યાં છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

આરંભે

· કવિતપ્રકાર ·

શાણા ને ભેજાબાજોનાં પુસ્તકોનો પાઠ તમે   પૂરો કરી રહ્યા હો જે વારે,
શાળા–મહાશાળાઓની ભૌતિકમલી કૂંચીઓ   વટાવી થયા હો જ્હારત્યારે,
જૂના જમાનાની એક પ્રથા જવા માગતી ના   ને છોડવા માગે ના સંસારે.
ટોચે પ્હોંચવાની આશા રાખતા હો તો તળેથી   આરંભવું પડશે તમારે.
તમારાં અર્થશાસ્ત્રો ને દર્શનો વગેરે બધું   ભલેને અથેતિ તમે જાણો,
પણ આમ મેળવેલા જ્ઞાને વળશે ન કશું   કહું છું, સાચું જ એ પ્રમાણો;
છૂટકો ન, કારખાને કે દુકાને જવા માટે   જરૂરી હિંમત હૈયે આણો,
અને ટોચે જવા છેક નીચેથી જ શરૂ કરી   સીડીનાં પગથિયાં પલાણો.

કેટલાક જૂનવાણી ખ્યાલો છે બંધાયલા તે   કદી નથી એમ ટગવાના,
છોકરાઓએ છે રોજ રોજ કરવાનું કામ   ગમે તે પદ્ધતિ, તેની 'ના'ના;
અને મંડ્યા રહે છે કે અટકી પડે છે, તેને   જોઈ જન મૂલ્ય આંકવાના,
પણ ટોચથી જ આરંભ કરાવવાની વાત   નથી કોઇ જ વિચારવાના.

પ્રચલિત પદ્ધતિઓને બદલ્યા કરે, છતાં   નથી એવો સમો આવવાનો,
જ્યારે ઊંચી પદવીએ પહોંચવા માટે કોઈ   મુશ્કેલી ન અનુભવવાનો.
સિદ્ધિની સીડીના એક પગથિયા પર કોઈ   કદી નથી કાપ મૂકવાનો,
તિરસ્કાર તળેના કરનારો ન ટોચ તણું   દર્શન કદી ય પામવાનો.

પૂજાલાલ

પ્રવાસ-મંજરી

એક વધુ સંસ્કારયાત્રાનાં સંસ્મરણો
[૫] હૃષિકેશ

લેખક : રવિશંકર રાવળ



દિવસભરમાં હરદ્વારમાં પંદરવીસ વખત એકથી બીજા છેડાના રસ્તા તથા બજારો જોઇ લીધાં હતાં, એટલે ત્યાં કાંઇ નવીનતા રહી નહોતી. હૃષિકેશ જો એવું જ હોય તો માત્ર ધોધાપંથ જ કરવાનો હતો. પણ વલ્લભરામભાઈની સોબતમાં ત્યાં જતાં દરેક સ્થાન અને હકીકત ઘણાં રસમય બન્યાં. હૃષિકેશમાં હરદ્વાર જેવી આધુનિક બાંધણીનાં મકાનો કે ઓવારા નથી. એ, એક ગામડું જ કહી શકાય એટલી જગ્યામાં, ગંગાના ઊંચા તટ ઉપર વસેલું છે. ત્યાં ગંગાનો પ્રવાહ મોટા વિસ્તારમાં પથરાએલો છે, એટલે ઊંડાણ જોકે થોડું છે, પણ વેગ તો એટલો જ. નહાવાના ઘાટ આગળ ગોર લોકોએ પથ્થરો ગોઠવી, ઉપર મોટી પાટો ઢેરાવી છાયા બાંધી લીધી હોય છે. કાંઠે ફૂલવાળીઓ બેઠી હોય તેમની પાસેથી ફૂલપડો લઇ જે ભક્તજનો નહાવા આવે તે ત્યાં વસ્ત્રો ઉતારે અને પ્રવાહનો વેગ ન લાગે એમ કાંઠે જ સ્નાન કરી લે. તે વખતે રખડતા ભિક્ષુ બ્રાહ્મણો ગરબડમંત્રોથી પૂજન કરાવી શ્રદ્ધાળુઓને સંતોષ આપે છે. યુગોથી ગંગા તો એની એ છે, પણ માણસો ને સમાજ પ્રાચીન ભવ્યતા ખોઇ બેઠાં છે.

દાનસંસ્થાઓ

પણ ગંગાના પવિત્ર તીરે જીવન પૂરું કરવું, છેલ્લા દિવસો દરમ્યાન ભારતની પ્રાચીન જ્યોતિમાં લીન થવું, એવા કંઈક નરનારીઓ, ભક્તો અને સાધુઓના અભિલાષ હોય છે, એટલે અહીં એવાઓ માટે આશ્રમો, ધર્મશાળાઓ વગેરે છે, તથા એવાં જનોને પવિત્ર માની તેમનાં તપનું પુણ્ય લેવા રાજાઓ, શ્રીમાનો અને દાતાઓએ અહીં એ ઉદ્દેશ માટે દ્રવ્યદાન કરવામાં બાકી રાખી નથી. 'કાળી કામળીવાળા'ને નામે ઓળખાતા મહંત તરફથી તો રોજ એક હજાર કે વધારે જેટલા સાધુસંન્યાસીઓને તૈયાર અન્ન કે સીધાં આજે પણ મળે છે. ભગવું લુગડું હોય, એટલે પછી કોઈ પૂછે જ નહિ. આથી, નિરુદ્યમી જીવન ગુજારતા કંઈક લફંગાઓ અહીં જ પડયા રહે છે. ખરા સંત કે સાધુ જેને મળે તેનાં ભાગ્ય! બાકી 'ધન હરે, ધોખો નવ હરે' એવા ઘણા. છતાં આવી દાનસંસ્થાથી પર રહીને પણ આત્માની શાંતિ અર્થે ત્યાં નિવાસ કરનારા માણસો પણ છે.

વેદાંતી જીવીબાઈનો મઠ

ઠેઠ કચ્છથી આવીને વસેલાં શ્રી જીવીબાઇએ અહીં સ્ત્રીઓ માટે જ એક મઠની સ્થાપના કરી છે. વલ્લભરામભાઈ અમને ત્યાં લઈ ગયા અને અમારા ભોજન વિષેની સર્વ વ્યવસ્થા ત્યાં કરી. શ્રી જીવીબહેન તો આજ હયાત નથી, પણ તેમના સમાગમ અને ઉપદેશથી ત્યાં આવી વસેલાં મુખ્ય જમનાબહેને અમારું ખૂબ ભાવથી સ્વાગત કર્યું અને કોઇ અંગત સગાંવહાલાં આવ્યાં હોય એવી ઈંતેજારી અને તનમનાટથી અમારી સોઇ કરી આપી. અમે ગંગાસ્નાન કરી આવ્યા એટલામાં તો ઘરના સંઘરેલા ધોળા ઘઉંની રોટલી ને દાળભાતશાકનું તૈયાર થએલું ભોજન ઘણા દિવસે ત્યાં મળ્યું. આશ્રમમાં બેચાર ગુજરાતી કચ્છી બહેનો ઉપરાંત શીખ, હિંદુસ્તાની વગેરે બહેનો પણ હતી. દરેક આશ્રમવાસી જાતમહેનતથી ગોપાલન, વાસીદાં, દળવું ભરડવું, ધોવું વગેરે કાર્ય કરી આશ્રમ સંભાળે છે. કોઇ પુરુષથી તો ત્યાં રહેવાતું જ નથી. જેમને સંયુક્ત રસોડું ન ફાવતું તે પોતાનું સીધું લઇ જાતે રાંધી લે છે. પણ બધા વચ્ચે એક કુટુંબ ભાવ અને સાત્વિક જીવનનો આગ્રહ જણાઈ આવતો હતો. બપોરે વેદાંતનો કોઇ હિંદી ગ્રંથ વંચાય ત્યારે સૌ સાથે બેસે, એ વખતે ખ્રિસ્તી સંપ્રદાયની સાધ્વીઓના મઠ જેવું જ ત્યાં લાગે. કોઇના ચહેરા પર સંસારી ભાવની ચમક સરખી પણ નહિ; પરંતુ તેમનું મમતાળુ હાસ્ય અને સેવાની તત્પરતા કર્મ મુખમુદ્રાવાળા સંન્યાસીઓ અને કઠોર દેખાવવાળા ખાખીઓના મુકાબલે આશ્વાસનની દેવીઓ ઠરાવે એવાં હતાં.

હૃષિકેશનું માહાત્મ્ય

ભગીરથરાજાના તપથી ગંગા સ્વર્ગમાંથી આવી જ્યાં હર શિરે પડી અને તેમાંથી પછી હિંદુસ્તાનના ભૂમિપટ ઉપર જે સ્થળેથી વિસ્તરી તે આ સ્થાન છે; એટલું જ નહિ, પણ શંકરનાં બાર જ્યોતિર્લિંગ પૈકીનું એક બદ્રિકેદારેશ્વરનું સ્થાન પણ અહીંથી થોડે ઉત્તરે હિમશિખરોની વચ્ચે આવેલું છે. પાંડવો પણ આખર નિર્વાણ માટે આ જ માર્ગે હિમાલયમાં ગએલા, તેમજ પ્રાચીન માન્યતા પ્રમાણે સ્વર્ગમાં જવાઆવવાનો માર્ગ પણ આ જ હતો. એટલે આ માર્ગને 'ઉત્તરાપથની યાત્રા' માની દર વર્ષે હજારો યાત્રીઓ હિંદુસ્તાનના જુદાજુદા ભાગમાંથી અહીં આવીને બદ્રિકેદાર જાય છે. એ યાત્રા ઘણી કઠણ છે. સો-પચાસ માણસોનો કાફલો હોય, સાથે સીધાંસામાન ઉપાડનારા પહાડી મજૂરો હોય, ઉપરાંત થાકેલા માટે ટટ્ટુ અને ડોળીઓ હોય, અને બધો પંથ પગરસ્તાનો જ હોઇ પંદર દિવસ સુધી લાગટ ટાઢ તથા થાક ખમી શકાય એવી તાકાત અને હિંમત હોય તો એ યાત્રા થાય છે. ધનાઢયો ને રાજશ્રીમંતોની વાત જુદી છે. છતાં સહન તો ઘણું કરવાનું હોય છે. પણ તેના બદલામાં હિમાલયની અતિ અદ્ભુત ખીણો, વેગવાન નદપ્રવાહો અને અનુપમ વનશ્રીનાં દર્શન મનુષ્યનાં વિવિધ દુઃખોનું નિવારણ કરે છે અને આધ્યાત્મિક હવાનો સ્પર્શ થાય છે. આખી યાત્રા જેમનાથી ન થાય તેઓ આ સ્વર્ગદ્વાર હૃષિકેશ આવીને થોડું ચાલી 'લક્ષ્મણઝુલા' નામનો પૂલ પાર કરી પાછા વળે ને તેનું પુન્ય માની લે છે એટલું ખરું કે ગંગાનું હિમાલયમાંથી બહાર પડવાનું ભવ્ય દર્શન તો અહીં જ જોવાનું મળે છે.

લક્ષ્મણઝુલા

હૃષિકેશથી આગળ હિમાલયમાં બદ્રિકેદાર જવા માટે ગંગા પાર કરવી પડે છે. તે માટે એક ઝૂલતો પૂલ અહીં છેક પ્રાચીન કાળથી હતો. સામસામા કિનારે એક દોરડું બાંધી લઇ તેમાં ગરગડી સાથે પરોવેલી એક ડોળીમાં એક જ ઉતારુ બેસતો અને સામે પારથી માણસ તેને ખેંચી લેતો. એ પ્રવાસ ઘણો જોખમભરેલો હતો અને ઘણાની હિંમત ત્યાં જ છૂટી જતી. છતાં હજારો વર્ષથી એ જ માર્ગે લોકોનો વ્યવહાર થતો. હવે તો અહીં આજનાં સાધનોથી તારનાં મજબૂત દોરડાંનો એક મોટો પૂલ નાખવામાં આવ્યો છે અને ગમે તેટલાં માણસો એકીસાથે નિર્ભયપણે તે પર થઇને આવજા કરે છે. પણ ત્યાં શિષ્ટાચાર એવો છે કે યાત્રીઓ પૂલ ઊતરીને બદ્રિકાશ્રમના માર્ગે પહેલા ટપ્પા સુધી જાય છે, ને પછી


ત્યાંથી સામા કિનારે જ ચાલતાચાલતા એક સ્વર્ગાશ્રમ નામની જગ્યા છે ત્યાંથી હોડીમાં ગંગા પાર કરીને આ તીરે જ્યાં હૃષિકેશનાં વાહનો રાહ જોતાં ઊભાં હોય છે ત્યાં ઊતરી જાય છે. હોડી દરેકને મફત મળે છે ને તેની ગોઠવણ 'કાળી કામળીવાળા' તરફથી છે. આ પ્રદેશની લગભગ બધી જ જાગીર તેમના હસ્તકની છે.


સ્વર્ગાશ્રમના માર્ગે કઇક ધર્મશાળાઓ ને મકાનો ખાલી અથવા ખંડિયેર બનતાં જોયાં. જૂજજૂજ સાધુસંન્યાસીઓ અહીંતહીં હતાં, પણ તેમને કંઇ કર્તવ્ય હોય એમ જણાતું ન હતું જેને જેમ ઠીક પડે તેમ ગમે તે ઇષ્ટદેવતાનાં ઢીંગલાં બેસાડી, દુકાન માંડી હોય તેમ, જતાઆવતા યાત્રીઓને 'દર્શન કરતા જાઓ'નો બોધ કરતા હતા. પણ ગંગાકાંઠે વનની ઘટામાં ચાલ્યો જતો એ માર્ગ ઘણો સુંદર છે. વચ્ચેવચ્ચે પહાડી સ્ત્રીપુરુષો લાકડાંની ભારીઓ લઇ જતાં આવતાં સામાં મળે છે. તેમનું દારિદ્રય ને દીનતા જોઇ, મફત પ્રસાદીઓ માણતા સંન્યાસીઓ અને વેદાંતીઓની સંસાર પ્રત્યેની નફરત ને પ્રમાદ પર અનેક વિચારો આવે છે. 'કેટલા સંન્યાસીઓ ને પંડિતોએ અજ્ઞાન ને દારિદ્રયથી પીડિત એ જનતાને પાટાપીંડી કરી છે? કેટલાએ અન્નનો કોળિયો પોતાના મોંમાંમૂકતાં પહેલાં એમને સંભાર્યા છે? એમનો ધર્મ તો એમના પુસ્તકોમાં જ સમાઇ રહેલો છે.'

પણ એક વાત અવશ્ય ધ્યાન ખેંચતી હતી. મોટરમાર્ગ પર આવતાં ગામો ને ગામડાંમાં કોઇકોઈ મકાનો પર તેજસ્વી રાષ્ટ્રધ્વજ ફરકતો દેખાતો અને બજારોની દુકાનોમાં 'નેતાજી'ની છબિઓ કે મોટા પડદા જોવામાં આવતા. નાનકડા નિશાળિયાઓની છાતી પર પણ નેતાજીનો બિલ્લો દેખાતો. આમ, આજે જૂનવાણી માનસથી પર બનીને રાષ્ટ્રવાદ પગપેસારો કરતો રહ્યો જણાય છે.

એક સમાગમ

સ્વર્ગાશ્રમથી પાછા વળતાં દક્ષિણમાંથી યાત્રાએ આવેલા એક પંડિતનો સાથ થયો. કાળા વાનના એ યાત્રિકની જોડે તેમના જેવાજ વર્ણની પત્ની હતી, તેને પગે હાથીપગું થયું હતું. સાથે વૃદ્ધ માતા હતાં. ઉત્તર હિંદની કોઇ પણ ભાષા તે જાણતા નહોતા, તેમજ અંગ્રેજી પણ જાણતા ન હતા. કોઈ બોલાવેચલાવે ત્યારે ઇશારતો કરે. એ જોઇ મને તેમના વિષે જિજ્ઞાસા થઈ, અને તેમને પડખે ચડી હિંદી ને અંગ્રેજીમાં વારાફરતી પ્રશ્નો કર્યા; પણ કંઈ સમજ્યા જણાયા નહિ, ત્યારે 'कोभवान्' કહી સંસ્કૃતમાં પ્રશ્ન પૂછ્યો, એટલે





ઉપર : લક્ષ્મણ ઝૂલા; વચ્ચે : સ્વર્ગાશ્રમ; નીચે : હૃષિકેશ આગળ ગંગા



તરત તેમની વાચા ઊઘડી અને બહુ સરળ સુંદર સંસ્કૃતમાં એમણે પોતાનો પરિચય આપ્યો. છેક બેઝવાડાથી યાત્રાએ નીકળેલો રામાનુજ ભાષ્ય પરનો એ પ્રખર પંડિત, પરંપરાનું પાલન કરવા કેટલું કષ્ટ વેઠી રહ્યો હતો એ જોઇ મને આશ્ચર્ય થયું. તેની સાથેનો વાર્તાલાપ હું તો પ્રશ્ન પૂછવા જેટલું જ સંસ્કૃત ગોઠવી ગોઠવીને ચાલુ રાખતો હતો. પણ પછી વૈદ્ય વલ્લભરામભાઇ મદદે આવ્યા અને તેમણે વાત ઉપાડી લીધી. પંડિતને તો ઘણા વખતે પોતાના વિચારો વ્યક્ત કરવાનું પાત્ર મળ્યું, એટલે તો ખુશખુશ થઈ ગયા. તેમની વાણીની આ મર્યાદાને લીધે ઘણે ઠેકાણે તે હેરાન થએલા. મથુરામાં તો એક પંડાએ 'સારો મુકામ બતાવું' એમ કહી બે રૂપિયા લીધા અને ધર્મશાળામાં મૂકીને ચાલતો થયો. 'મથુરાપુર્યાં વંચિતોઽહં' (મથુરાપુરીમાં હું ઠગાયો છું) 'સર્વત્ર અર્થવાદઃ પ્રવર્તતે' (બધે પૈસાનું જ રાજ ચાલે છે) એ એમનાં બે વાક્યો તો મને ખૂબ યાદ રહી ગયાં છે. છેવટે છુટા પડતી વખતે ટાંગાવાળા સાથે એમને કંઈક ગેરસમજ થવા માંડી એટલે વલ્લભરામભાઇને બોલાવી તેને સમજાવવા કહ્યું; અને 'ભૈયા, પરદેશી કો સતાઓ મત. બરોબર કામ બરદાસ્ત કરો' એટલું સૂત્ર ગાડીવાળાને આપી અમે હૃષિકેશ આવી ગયા.

સાંજ પડી ગઈ હતી, એટલે હરદ્વારની છેલ્લી બસમાં જગ્યા મેળવી બેસવા ચાલ્યાં એવામાં મારાં બેનનું ચંપલ ઉઠાવી એક માકડું છાપરે ચડી ગયું! દોડાદોડ થઇ ગઈ. છેવટે એ આશ્રમનાં એક બેને હાથમાં થોડા ચણા લઈ નાખ્યા એટલે એણે ચંપલ ત્યાંથી પડતું મૂક્યું; પણ તે એક તાળાબંધ મકાનમાં પડ્યું! સુભાગ્યે બીજા માકડાએ એ ત્યાંથી ઉઠાવ્યું અને ત્રીજે ઘેર જઇ પડતું મૂક્યું! ઉત્તર ભારતનાં માકડાંનો કેર વર્ણવાતો તો બહુ સાંભળેલો. તેનો અમને આ અનુભવ થઈ ગયો. ખાવાના ડબ્બા ઉપાડી જાય. દુકાનોમાં પેસી ગમે તે ખૂણેથી લાડુ મિઠાઈની લૂંટ ચલાવી ઊભી દીવાલે નાસી જાય. મદારીઓ ગુજરાતમાં ખેલ બતાવવા લાલ મોંનાં માકડાં લાવે છે તે એ જ જાતનાં. હરદ્વાર પહોંચ્યા ત્યારે દીવા થઈ ગયા હતા.

દિલ્હીના સમાચાર

રાત ઉતારામાં વિતાવી સવારે ફરી મોટર સ્ટેશને આવીને 'લૅન્ડ્ઝ લાઇન'માં બેઠકો મેળવી. એ વખતે ત્યાં દિલ્હીના સમાચારોનો ઉકળાટ અને ચિંતા જોયાં. આ બે દિવસ તો દિલ્હીમાં ભયંકર તોફાન અને ગોળીબાર થઇ રહ્યા હતા. રસ્તાઓ પર ફરવાની મનાઈ અને રાત્રે કર્ફ્યુનો અમલ હતાં. ગઈ કાલે નીકળેલી મોટર મોટું ચક્કર લઇ મહામુસીબતે પહોંચી હતી. આજનું શું થશે તેની ખબર ન હતી.

બસમાં બેસવાને કેટલાક ઉતારૂઓ આવ્યા, તે શુદ્ધ ખાદીધારી પંડિતો અને શ્રીમંતો હતા. હરદ્વારના મેળાવડાના તેઓ માનવંતા મહેમાન હતા અને દરેકની પાસે વર્તમાનપત્રો હતાં. એવામાં બસની ઑફિસમાં ટેલીફોનથી ખબર આવ્યા કે રોજનો રસ્તો છોડી બહારનું ચક્કર લઇ બસને સીધી ન્યૂ દિલ્હી લાવવી. ત્યાં બધું સલામત છે.

જમનાનો પૂલ વટાવી બસ દિલ્હીની હદમાં આવી ત્યાં બસ-કંપનીનો ઇન્સ્પેક્ટર ઊભો હતો. તેણે ફરીથી બસને બહારને રસ્તે જ ન્યૂ દિલ્હીમાં જવાની સૂચના આપી. પુરાણા દિલ્હીમાં જનારા ઉતારૂઓને ત્યાંથી જ પોતાની સગવડ કરી લેવાની રહી. દિલ્હી ફરતું મોટું ચક્કર મારી બસ આગળ ચાલી ત્યાં એક આડા રસ્તા પર લશ્કરી સરઘસ પસાર થતું હતું તેને લીધે બધો વાહનવ્યવહાર એક કલાક સુધી રોકાયો હતો. ત્યાં ટૅંકો, મશીનગનો વગેરેની કતારો ચાલતી પહેલી વાર જોઈ. દિલ્હીનાં તોફાનોનું કારણ આ લશ્કરી ઉત્સવ જ હતો. બે દિવસ લશ્કરી ખાતાએ વિમાની પરેડો કરી બતાવી, દારૂખાનાં ફોડ્યાં, પણ પ્રજાસમસ્તે તો અસહકાર દાખવી હડતાલ પાડી અને તેમાંથી હુલ્લડ જન્મ્યું. પરિણામે કેટલાંક સરકારી મકાનોને આગ લાગી, પોલીસકાબુ મુશ્કેલ થયો ત્યારે લશ્કરી બંદોબસ્ત આવ્યો અને ગોળીઓ ચાલી, અને બે દિવસમાં તો કઇક નવાજૂની થઈ ગઈ. અને તડપતે જીવે અમે ન્યૂ દિલ્હીમાં કૉનૉટ સર્કસમાં અમારા મુકામે શ્રી યશવંત પંડ્યાને ઘેર પહોંચ્યા.

હવે દિલ્હીમાં કંઈ રસ રહ્યો ન હતો, મથુરા—આગ્રાના મિત્રોના પત્રો આવી ગયા હતા, એટલે શનિવારે બપોરે નીકળવાની તૈયારી કરી. તે પહેલાં, શહેરની સ્થિતિ વિષમ હતી છતાં, શ્રી પંડ્યાએ ગુજરાતી શાળામાં મારું અને કલાકાર સોમાલાલ શાહનું વિદ્યાર્થીઓ સમક્ષ મિલન ગોઠવ્યું. કુટુંબનાં માણસો તથા સામાનને ટ્રેન પર પહોંચતાં કરી અમે સ્ટેશન પાસે જ આવેલા 'ગુજરાતી સમાજ' અને શાળાના મકાન પર ગયા. શહેરનો ચિંતાજનક મામલો છતાં વિદ્યાર્થીઓ અને વાલીઓની ઠીક હાજરી થઈ ગઈ હતી, તેમજ સમાજના પ્રમુખશ્રી છોટુભાઇ દેસાઈ તથા ટ્રસ્ટી શ્રી ગુલાબભાઈ મંકોડી જાતે હાજર રહ્યા હતા. શ્રી ગુલાબભાઇ તથા હેડમાસ્તર શ્રી અંબાલાલ પટેલે અમારો પરિચય કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને મેં રેખાઓની કેટલીક મઝા અને ઉપયોગ પાટિયા ઉપર બતાવ્યાં. ત્યાર પછી સોમાભાઈએ પણ કેટલાંક પંખી અને પશુ સરળ રેખાઓમાં કરી બતાવ્યાં અને છેવટ કનુભાઈએ વાયોલિન ઉપર ગીતો સંભળાવ્યાં. મારે ટ્રેન પકડવાની હોવાથી હું અને ભાઈ પંડ્યા વચ્ચેથી જ ઊઠીને સ્ટેશને પહોંચ્યા અને મથુરાની ગાડી ઊપડુંઊપડું થતી હતી તેમાં મહામુસીબતે જગ્યા મેળવી. (ચાલુ) **ર. મ. રાવળ**

કસોટી

ઉકેલી ન શકો તો ઉત્તરો આ નીચે અવળા આપ્યા છે

(૧) છગન, મગન, ગમન અને ચમન ચારે પાનાં રમવા બેઠા છે છગન મગનની સામે નથી બેઠો; ચમન ગમનની જમણી બાજુએ નથી; અને ગમન મગનની ડાબી બાજુએ નથી. તો છગનની ડાબી બાજુએ કોણ બેઠું હશે ?

(૨) પુરાણો અને લોકકથામાં આવેલાં પતિપત્ની અને પ્રણયીઓનાં કેટલાંક જોડાં આ નીચે આપ્યાં છે, તેમાંનાં કેટલાંક ખામીવાળાં છે તે શોધી કાઢો: રામ–સીતા; રાધા–કૃષ્ણ; શિરીન–ફરહાદ; મારૂ–ઢોથલ; સદેવંત–સાવળીંગા; અર્જુન- દ્રૌપદી; લયલા–મજનૂ; સુહિણી–મેહાર.

(૩) એક ગામમાં એક મોચી રહેવા આવ્યો. તે જે જોડા બનાવતો તે બરોબર એક વરસ ચાલતા. જે ગામમાં તે રહેવા આવ્યો ત્યાં તપાસ કરતાં તેને જણાયું કે ગામની વસતિના પાંચ ટકા માણસો એક પગે લંગડા હોવાને કારણે તેમને એક જ પગમાં જોડાની જરૂર પડે તેમ હતું. બાકીની વસતિમાંથી અરધોઅરધ સંખ્યા નાનાં છોકરાં તથા સ્ત્રીઓની હતી અને તેઓ જોડા પહેરતાં ન હતાં. આ સ્થિતિમાં બાકીની અરધી વસતિ તથા એક પગે જોડા પહેરનાર માટે મળી તેણે કુલ કેટલા નંગ જોડા બનાવવા પડશે ?

(૪) શરીરના એક અંગનું માથું કાપી નાખ્યું તો બાંધકામનો એક પ્રકાર થયો; અને તે માથાની જગ્યાએ અત્યારે તમારા નાક સામે છે તે લગાવી દીધું તો ગુજરાતનો રાજા થઇ ગયો. એ કયો રાજા ?

(૫) નીચેનામાંથી ક્યા શોધ–સફરીએ ઉત્તર ધ્રુવ શોધી કાઢેલો? આમુંડસેન, શેકલ્ટન, પીઅરી, બાયર્ડ, સ્કૅાટ.

ઉત્તરો: (૧) ગમન; (૨) ઓઢો–હોથલ જોઇએ; (૩) વસતિ સંખ્યા જેટલાંજ નંગ; (૪) કુમારપાળ; (૫) પીઅરી

દીવાન બહાદુર બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર



પેન્સિલ સ્કેચ] **બ. ક. ઠા.** [રવિશંકર રાવળ

એ નામાક્ષરોથી ગુજરાતી સાહિત્યમાં સુપરિચિત આ સાક્ષરવર્ય ગઇ પેઢીના છેલ્લા ધુરંધર છે. વિચારભારવાળી કવિતા ને સૉનેટના એ આદિ પ્રવર્તક, ઊંડી સૂક્ષ્મબુદ્ધિ અને રસદૃષ્ટિવાળા વિદ્વાન, સમર્થ ચિંતક, અને બલિષ્ઠ ગદ્યલેખક છે. બે વરસ પર ઉજવાએલા એમના પોણોસો વર્ષના જયંતી–ઉત્સવોનાં એમનાં સાત મનનીય વ્યાખ્યાનોના સંગ્રહ 'પંચોતેરમે'માં એમણે 'મિતાક્ષરી' નામથી, જીવનસ્મરણોનાં છાંટણાંવાળી આપકથા લખી છે. એમણે પોતે જ કહ્યું છે તેમ મધ્યમતા–વચલી સ્થિતિના એ ચાહકના જીવનમાં કોઈ સનસનાટીભર્યા આરોહ-અવરોહ નથી; પણ એ સમધારણ, શાન્ત અધ્યયન-અધ્યાપનવાળા જીવનના આલેખનમાં તત્કાલિન વ્યક્તિઓ અને પ્રસંગોનાં તાદૃશ-મધુર ચિત્રણો છે. અહીં તો, સ્થળ સંકોચને કારણે એવાં ચિત્રણો છોડી દઇને માત્ર એમની જીવનકથાની સૂત્રરેખા જ એમના પોતાના શબ્દોમાં તારવી લીધી છે. બાકી, આ અંકની માધુકરીમાં ઉતારેલાં વ્યક્તિચિત્ર જેવાં અનેક સ્મરણોનાં છાંટણાથી એ મિતાક્ષરી તેમજ વ્યાખ્યાનો છંટાએલાં છે.

મારો જન્મ ઈ. ૧૮૬૯ના ઑક્ટોબરના ૨૩મા ને શનિવાર (સંવત ૧૯૨૫ના આસો વદ ૨-૩)ના દિવસે આશરે અગિયારે-ગાંધીજીના જન્મ પછી ૨૨મે દિવસે–ભરૂચમાં થયો.

ભરૂચ હાઈસ્કૂલમાં બે જ વર્ષ: ૯મું અંગ્રેજી બીજા ધોરણમાં અને ૧૧મું ચોથા ધોરણમાં. આ વર્ષે મને જનોઈ પણ દીધું. જનોઈ પછી ચોથે કે પાંચમે દિવસે ભરૂચમાં નવચોકીને ઓવારે નર્મદામાં હું ડૂબી જતો'તો. નાનાજીના રસોઇયા સોમેશ્વરે ઝડપી લીધો ને બહાર કાઢ્યો.

બારમે કે તેરમે વર્ષે બાપાજી સાથે ઊતરતે ઉનાળે રાજકોટ જઇ, કાઠિયાવાડ હાઈસ્કૂલમાં દાખલ થયો. એમાં મણિશંકર રતનજી, હરજીવન કોટક, જહાંગીર કોયાજી પ્રભાશંકર પટ્ટણી, પ્રાણશંકર જોષી, ગાંધીજી, જટાશંકર પ્રાણજીવન વગેરે એક કે બે વર્ષ પાછળ હતા.

ઈ. ૧૮૮૫ના ઑક્ટોબરમાં મેં પ્રીવયસની પરીક્ષા આપી.... ઈ. ૧૮૮૮નો એલ્ફિન્સ્ટન કૉલેજનો બી.એ.નો વર્ગ બુદ્ધિમાન ગુજરાતી યુવકોના મોટા પ્રમાણમાં અસાધારણ હતો. ૧૮૮૭-૮૬ના વર્ગો એટલા મોટા નહિ તો ઘણા સારા કહી શકાય. આગલા વર્ષના બી.એ. થએલાઓ હજી એલએલ. બી. માટે મુંબઈમાં જ હતા, અને સભા, ચર્ચા વગેરે પ્રસંગે કૉલેજમાં આવ્યા કરતા. તે વખતે મુંબાઈમાં 'ગુજરાત ક્લબ' નામની સંસ્થા પણ સારી ચાલતી.

પરીક્ષામાં મેં સંસ્કૃત પ્રશ્નપત્રના જવાબોની મારી ચોપડી આપી નહિ, ને એમ હું હાથે કરીને નાપાસ થયો. પ્રો. મૅકમિલન તો રજા ઉપર વિલાયત જતા હતા, એટલે પરીક્ષા પૂરી થતાં જ, હું રાજકોટ ગયો તે પહેલાંથી, નિશ્ચય કરી લીધેલો કે ડેક્કન કૉલેજમાં જઈ પ્રો. સેલ્બીના વર્ગમાં ભણવું. એ પ્રિન્સિપાલ અને ફિલસૂફીના આચાર્ય. બી.એ.માં બેકન ને ઈન્ટરમીજિયેટમાં બટ્લર શીખવતા. છુટ્ટીના કલાકમાંથી બેત્રણ એમ. એ.ના શિષ્યોને આપતા. બાકીના વખતમાં પ્રિન્સિપાલે કરવાનું વહીવટી અને પત્રવ્યવહારનું કામ ઉકેલી લેતા. પોતાનાં 'લેસન' રોજ પોતે તાજાં કરીને જ વર્ગમાં આવવાની આદત. જે મારા જેવા શિષ્યોને ય જન્મારો વળતી સત્ર પૂરું થવા આવતાં સૌ જુએ કે એમણે ફરજે બજાવવા પાછળ કાયા ઘસી નાખી છે. અને પછી એક રજા મહાબળેશ્વર તો બીજી હતાકામુંડનો હવાફેર નિયમિતરીતે કરતા. 'જે કરવું તેને પૂરેપૂરી શક્તિઓ સમર્પવી' એ એમનાં પ્રિય જીવનસૂત્રોમાંનું એક. 'નિયમ કર્યો જ છે તો તે પાળવો જ' એ બીજું પ્રિય સૂત્ર,–એનો અમલ પહેલો ખુદ પોતા પર જ કરતા.

સેલ્બી પછીના મારા ગુરુ સીતારામ નારાયણ પંડિત. ઉપલા પાષાણી મંડાણમાં સહાનુભૂતિ અને ઐતિહાસિક દૃષ્ટિ, ન્યાય આપવા જેટલી સમુદારતા અને માનવીને કુદરતી એવી નબળાઇ પ્રતિ દયાધર્મના જીવંત પ્રવાહો એમણે રેડ્યા.

૧૮૮૯ના ઉનાળાની રજા મેં ડેક્કન કૉલેજમાં જ ગાળી. અમે

વડદાદા - દાદા - પિતા . . . દાદી - બા અને પત્ની

પ્રપિતામહ અનુપરાય લશ્કરી, ભરૂચમાં તે કાળે સિંધિયા સરકારની લશ્કરની ટુકડી રહેતી તેના રસાલા (સવારદળ)માં અફસર ઊંચા અને એકવડી કાઠીના. જુવાનીમાં જ ક્ષયના રોગે ગત થયા. એમના અવસાન પહેલાં જ **દાદાજી** ચતુર્ભુજદાસનો જન્મ ઈ. ૧૮૨૦-૨૧માં થએલો. એ પોતાની અટક 'ઠાકોર' નહિ, 'લશ્કરી' નહિ, 'સેઠ્ઠી' લખતા. સવાલ પુછાતાં ખુલાસો કરતા કે અનુપરાયજીનો હોદ્દો 'લશ્કરી' કરતાં 'સેઠ્ઠી'(=સેનાની, સેનામાં અગ્રણી) શબ્દ વધારે સ્પષ્ટતાથી દર્શાવે છે એ આખા ભરૂચમાં ચતુર્ભુજ 'મહાદેવ' નામે ઓળખાતા. ખૂબ કર્મઠ હતા. ઉત્તરાવસ્થામાં સૂર્યોદય પહેલાંથી તે અર્ધ દિવસ સંધ્યા પૂજાપાઠાદિમાં ગાળતા. દેવપ્રસાદની થાળી ઢાંકી રાખી હોય તે મધ્યાહ્ન પછી એક જ ટંક જમતા સાંજે બેચાર મંદિરે દર્શન કરી આવતા. રવિવારે પાછલે પહોરે ઓટલે બેસી માથા પર ભરૂચી ઘાટની મોટી કિરમજી પાઘડી એક પર એક, વીસ 'છત્રી' ચીપીચીપીને બેસાડીને બાંધવામાં સવાદોઢ કલાક ગાળતા, અને એ કલા એમની કનેથી શીખી લેવાને બેચાર જુવાન ઓટલે તેહનાતમાં બેઠા જ હોય. નોકરી કરેલી માત્ર તળાટીની, પણ ઉપરીઓ ય એમને માન આપતા. ગિજાજ કડક. નિયમો પળાવવામાં માનનારા.

મુ. બાપાજી કલ્યાણરાય: જન્મ ઈ ૧૮૪૧; લગ્ન ઈ. ૧૮૬૩; મૃત્યુ ઈ. ૧૯૦૧ ઑક્ટોબર, રાજકોટ. પ્લેગ. પહેલેથી જ નિશાળમાં વડો નિશાળિયો. મૉનીટર તરીકે માસિક પગાર રૂ. ૨થી ૫ કમાય. સવારસાંજ પારસી છોકરાઓનાં ખાનગી ટ્યૂશનો કરે. અત્યંત ગરીબીમાં ટેવાઈ ગએલા ને એટલે લગી કે રગેરગમાં કરકસર. છેક મોતના દિવસ લગીનો પગાર રળ્યા. પ્રકૃતિએ નરમ, મિલનસાર, ભોળા.

બી બી. ઍન્ડ સી. આઈ. રેલવે ચણાતી હતી તેમાં થોડા માસ પહેલી નોકરી. ઈ. ૧૮૬૫થી ૭૧-૨ જૂનાગઢ નવાબ મહોબ્બતખાનજીના અંગ્રેજી ટ્યૂટર તરીકે પછી બાયાની કોર્ટના ન્યાયાધીશ ત્રણ-સાડાત્રણ વર્ષ. યુવકોને વિના ફીએ ઘેર અંગ્રેજી શીખવે સૌ આખો જન્મારો એમને માસ્તર માસ્તર કહેતા ને ગુરુ જેટલું માન આપતા.

ઈ. ૧૮૭૨થી રાજકોટ આવી ગયા. પ્રથમ કોર્ટોમાં દાવા, ખટલા વગેરેના જરૂરી કાગળોના તરજુમા ઉપર નિર્વાહ ચાલ્યો. ત્યાં તો એજન્સી માટે વકીલની પરીક્ષાઓ થઈ. તેમાંથી પ્રથમ પહેલીમાં જ બેઠા અને બીજે નંબરે પાસ થયા. પાસ થઈ વકીલાત માંડી. રાજકોટમાં સરકારી દેખરેખ થઈ તે દરમ્યાન સરન્યાયાધીશ થયા અને તેને આખર લગી વળગી રહ્યા

દાદીમા લક્ષ્મીનો જન્મ ઈ. ૧૮૨૫; મૃત્યુ ૧૯૦૧ની આખરે. મુ. બાપાજીને રાજકોટમાં પ્લેગ થયો છે જાણતાં ત્યાં આવ્યાં અને બાપાજીને નહિ મટે એમ લાગતાં તેનાથી ચાર દિવસ વહેલાં ગત થયાં. દાકતરે રોગ નોંધ્યો: 'ગાંઠ વગરનો પ્લેગ.' મેં મારી દિન્કી (ડાયરી) માં નોંધ્યું: 'મોતનું કારણ હૃદયભગ.'

બા જમનાનો જન્મ ઈ. ૧૮૫૨; મૃત્યુ ઈ. ૧૮૯૭ ભરૂચ, રક્તવિકારથી. બુદ્ધિ અને બાહોશી અસાધારણ. સ્મૃતિ સતેજ. જે વાંચે-સાંભળે તે ન ભૂલે. હાજરજવાબી, વાકછટા, વક્રોક્તિમાં કોઈથી જાય નહિ.

પત્ની ચન્દ્રમણિ. જન્મ ૧૮૭૫, ભરૂચમાં; લગ્ન ઈ. ૧૮૮૭. મૃત્યુ ૧૯૧૫ની મકરસંક્રાન્તિએ ભરૂચમાં, યકૃત (લિવર)ના કૅન્સરથી. થોડું અંગ્રેજી સાસરે આવ્યા પછી ભણી. સદાય સ્મિતમુખી, સહનશીલ, મિતભાષી, જેને જેમ ફાવે તેમ વર્તવા દેવામાં માનનારી. મારા ઉગ્ર સુધારાગ્રહ અને સત્યાગ્રહ સામે કોઈક વાર ભેંડો બળવો કરનારી. ઉપહારો ભરેમ કરનારી, ઠંડો કળશિયો રેડી ઠારી દેનારી. પણ ઘણુંખરું તો સહી જ લેનારી એ વહેલી ગત થઈ તેથી મોટો પરિવર્ત થઈ ગયો અમારા પુત્રોના વિકાસ અને જીવનમાં. એ બીજાં દશ વર્ષ જીવી હોત તો એમનો વિકાસ અને ભાવિ ઘણાં સુધરી જાત.

ચાર જ કૉલેજમાં રહેલા. દસેક વાગ્યે અમે હોડી વાટે ત્રણ માઈલ દૂર પૂણે ચાલ્યા જતા. ત્યાં હું રવિવાર પેઠમાં સાયન્સ કૉલેજના ગુજરાતી વિદ્યાર્થીઓના ક્લબમાં (શ્રી અમૃતલાલ ઠક્કર જોડે સારી પિછાન આ સમયથી) જમી બે કલાક શાસ્ત્રીજી ઝળકીકરને ત્યાં કાવ્યપ્રકાશ ભણતો. પછી કલાકેક સુરતના કેટલાક ગૃહસ્થો ભાજીઆળી અને રવિવાર પેઠમાં રહેતા તેમાંના ભાઈ ઠાકોરદાસ કે બીજાને ત્યાં કલાક સૂઈ બે કલાક બેકનનો અભ્યાસ કરતો. રાત થતાં પહેલાં હોડી વાટે પાછો કૉલેજ પહોંચી જતો. ખાટલાને બદલે લાંબા ટેબલ પર શેતરંજી ને ચાદરને પાથરણે સૂતો. ઉશીકે વેબ્સ્ટરની ડિક્ષનરી, ઓઢવાને ચોફાળ, એમ ચલાવતો. ઐચ્છિક વિષયોને કૉલેજમાં જ સવારે-રાતે મળીને ચાર કલાક આપતો. આ નિયમિત ક્રમ સો નહિ તો પંચાશી ટકા ફળ્યો. પરીક્ષામાં પહેલા નહિ તોય બીજા વર્ગમાં બહુ ઊંચે આવ્યો. અંગ્રેજીમાં પહેલો આવ્યો એટલે એલિસ સ્કૉલરશિપ (એક વર્ષ, માસિક રૂ. ૨૫) મળી. મુ. બાપાજીને પણ છોકરો વિદ્વાન થશે ખરો એ સંતોષ થયો. ૧૮૯૦-૯૧ના કૉન્વોકેશન વખતે મુ. બાપાજીએ મને સોનાનું ઘડિયાળ આપ્યું તે હજી મારી કને છે.

આ વખતથી 'ઇંડિયન સ્પેક્ટેટર'માં મદદનીશ તંત્રીનું કામ મેં શરૂ કર્યું. 'ટાઈમ્સ ઑવ ઇંડિયા' વગેરે મુંબાઈનાં દૈનિકોમાં પણ ચલણી વિષયો પર અને નવાં પુસ્તકોનાં અવલોકનો લખીને કમાતો. મુંબાઇનો મારો ખર્ચ એલિસ સ્કોલરશિપ ઉપરાંત આમ કમાઇને મેં ઘણોખરો કાઢેલો. એ બધાથી પણ મુ. ને સંતોષ હતો કે છોકરો મહેનતુ ને આપકમાઉ છે. પરંતુ હું એલએલ. બી. માં ધ્યાન ન આપતો તે એમને રુચેલું નહિ. મારે તો આઈ. સી. એસ. માટે જલદી વિલાયત જવું હતું ને આમાં એમનો ટેકો મુદ્દલ નહોતો. બ્હેન વિધવા થએલી ત્યારે મોં ઢાંકવા વગેરે અમારા રિવાજો સામે મારું ઉગ્ર સ્વરૂપ સૌએ જોએલું, વિધવા વિવાહની ચર્ચા વખતે ચોપાનિયું છપાવેલું, વગેરે કારણોને લઈ મને એ સંસારસુધારાદિમાં માથાફરેલ ગણતા ને વિલાયત જવા પામશે તો છોકરો આપણો નહિ રહે, જંગલો થઇ જશે, કદાચ ત્યાં જ રહી પડે એવો એમને ભય. મારા હારિયામાંથી મનુભાઈ નંદશંકર, કૃષ્ણલાલ ઝવેરી વગેરે સંખ્યાબંધ યુવકોને વિલાયત જવાની મહેચ્છા હતી તે એક કે બીજા કારણે સિદ્ધ થઇ શકેલી નહિ. અજમેર ગયા પછી ને છેલ્લે ૧૯૧૪માં પૂણે પાછો આવી ગયા પછી પણ મેં વધુ અભ્યાસ માટે યોજના અને થોડી તૈયારી કરેલી, પણ મને એ જોગ સાંપડ્યો જ નહિ.


શ્રી બ. ક. ઠા. યુવાન વયે

ઇન્ડિયન સિવિલ સર્વિસ માટે તો જવાનું જ નથી, તો 'ઇતો ભ્રષ્ટ સ્તતો ભ્રષ્ટ'માંથી ઊગરવા હું મુંબાઈ છોડીને પાછો ઈ. સ. ૧૮૯૧ના ઉત્તરાર્ધથી ડેક્કન કૉલેજના એમ. એ.માં દાખલ થયો. એ સત્રમાં સદાશિવ મણિનારાયણ દીક્ષિત સાથે 'ડેક્કન કૉલેજ ક્વાર્ટર્લી' ત્રિમાસિક શરૂ કર્યું. કૉલેજમાં Foundation Dayની તારીખે દર વર્ષે ઊજવવાનો ઉત્સવ શરૂ કર્યો. બેત્રણ ભાષામાં લખાણોવાળાં મૅગેઝીન અને આ ઉત્સવ ડેક્કન કૉલેજમાં આમ શરૂ થયાં તે આખી મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ પહેલાં હતાં. થોડા જ સમયમાં લગભગ દરેક કૉલેજે એની નકલ કરી.

૧૮૯૨-૯૩ માટે હું દક્ષિણા ફૅલો નીમાયો (જોકે પાસ થએલો '૮૯માં). '૯૩માં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ લેખે પણ કામ કર્યું. '૯૩ આખરે જો કે કૉલેજ છોડી એમ. એ. થયા વગર જ, પરંતુ મહાદેવ ગોવિંદ રાનાડે મારફત મને 'થોરલે' (વડેરા) માધવરાવ પેશ્વાના સમયનો ઇતિહાસ લખવાને કોઇએ ન વાપરેલાં કીમતી ને પુષ્કળ સાધનો (આમાં મુખ્ય માધવરાવના પોતાના, નાના ફડનવીસના ને રાજમાતા ગોપિકાબાઈના, એક બે રાઘોબાના પણ કાગળો) મળી ગયાં, ને તે કૉલેજના મિત્રોની મદદે ઉકેલી, બેસાડી, ગોઠવીને મેં એ વર્ષો પર નવો જ પ્રકાશ પાડતો ઐતિહાસિક નિબંધ લખ્યો, અને માણેકજી લીમજી સોનાનો પદક મેળવ્યો. આ કામે મારો રાત-દિવસ એટલો વખત ખાધો કે એમ. એ.ના અભ્યાસ માટે પૂરતો વખત રહેલો જ નહિ.

ઈ. ૧૮૯૪થી ૧૮૯૫ પાછો મુંબાઇમાં, ઇન્ડિયન સ્પેક્ટેટરનો મદદનીશ તંત્રી. દર અંકે મારાં ૮થી ૧૨ કૉલમ હોય; મહિને સરેરાશ ચાળીસ કૉલમ ખરાં જ; તે પ્રમાણે પગાર. ઉપરાંત ટાઈમ્સ ઑવ ઇન્ડિયા વગેરેમાંથી દર મહિને રૂા. ૫૦ તો મળે. વહુ અને બે નાની પુત્રી સાથે વૈદ્ય વિશ્વનાથ પ્રભુરામના મકાન પાછળ અનંત ઋષિની વાડીમાં એક ભાટિયાના માળામાં રહેતો ને અમારો સંસાર નભતો. યુનિવર્સિટી લાઇબ્રેરી ત્યારે નહિ; પણ રૉયલ એશિયાટિક સોસાયટીની ને એલ્ફિન્સ્ટન કૉલેજની લાઈબ્રેરીઓમાં બેસીને મને પ્રિય અનેક વિષયોમાં ને અનેક નવી ચોપડીઓમાં યથેચ્છ ચરતો. મલબારીએ મને ફિરોજશાહ મહેતાની ઓળખાણ કરાવેલી.

'૯૫ના એપ્રિલમાં મને કરાંચી કૉલેજમાં પ્રો. પાદશાહની જગા મળી. એ સત્ર સો જ દિવસનું. ત્યાં મારા બી.એ. વર્ગના વિદ્યાર્થીઓમાં સૌથી મોખરે આવી ગયા છે સર ગુલામહુસેન હિદાયતુલ્લા.

૧૮૯૬માં મનુભાઈ નંદશંકરે વકીલાતને બધો સમય આપવા માટે મહારાજા સાહેબની પરવાનગી મેળવીને પ્રોફેસરપદ પરથી રજા લીધી. પછી લિટલડેલ ફર્લો પર ગયા. એમ હું ધૂળ પડવાથી, અજમેર કૉલેજમાં મને કાયમી પ્રોફેસરપદ મળ્યું ત્યાં લગી એટલે દસેરા લગી, વડોદરા કૉલેજનો કામચલાઉ આચાર્ય અને વડોદરા-નિવાસી થયો. અહીં મને મણિભાઇની ને ત્રિભુવનદાસ ગજ્જરની સોબતનો લાભ મળ્યો. ક્લબમાં ને અંબાલાલભાઇ પાસે પણ હું જતો. મેં 'અંબાલાલભાઈ' લખ્યું તેમાં આ મહિનાઓ દરમિયાન એમની સાથે પૂરેપૂરી છૂટથી થએલી કેટલીક ચર્ચાઓ વણી લીધી છે.

વડોદરા કૉલેજમાં હું (નિવૃત્ત થયા પછીને છેક એકત્રીસ વર્ષે) બીજી વાર કામચલાઉ પ્રોફેસર લેખે ગયો તેનો જશ શ્રી જ્યોતીંદ્ર મહેતાને છે. કૉલેજમાં રહ્યો તો એઓ ઑક્સફર્ડથી પાછા આવી ગયા ત્યાં લગી, પરંતુ પછી હું ત્યાં જ રહી ગયો. બધું મળીને દસ વર્ષ આ વખતે મેં વડોદરે ગાળ્યાં. ૧૯૦૯ની રાજકોટ પરિષદના સમયથી હું મધ્યકાલીન ગુજરાતી ભાષાનાં કક્કો અને બારાખડી શીખેલો તે મારો અભ્યાસ આ વેળા વડોદરે ગયો પછી જ વધારી શક્યો.

ઈ. ૧૮૯૬ થી ૧૮૯૯ હું અજમેર કૉલેજમાં પ્રોફેસર તરીકે ગયો અને ખરેખર મારો નવી અને વધારે મોટી દુનિયામાં પ્રવેશ થયો. હિંદ માથાભારે દેશ છે; ગુજરાત, દક્ષિણ હૈદ્રાબાદ, મદ્રાસ, મ્હૈસૂર, ગોદાવરી કૃષ્ણાતટો મુકાબલે ઊતરતા દરજ્જાનાં સત્ત્વો છે; પામીર અને હિમવાનથી અરબ્બી સમુદ્ર, વિંધ્યમાલ અને બંગાળના ઉપસાગર લગીનો પ્રદેશ જેનું ખાસ નામ હિંદુસ્તાન છે—ઉત્તર હિંદ છે, તે જ આખા ભરતખંડનું ભાવિ ઘડવા, યોજવા, સિદ્ધ કરવાને 'કર્તુંમકર્તુંમન્યથાકર્તુમ્' સમર્થ છે; આ પ્રતીતિ સાબ્રમતી અને રેવાકાંઠે જ કે રેવાદક્ષિણે જ જન્મારો ગાળનાર કોઇને થતી નથી. મુસ્લિમ જગતમાં મક્કે હજનો જે મહિમા છે, તે આ પ્રમાણે હિંદની તમામ વસ્તી માટે ઉત્તરાખંડ અને હિંદુસ્તાનની મહાયાત્રાનો છે. મેં જેપુર જોયું, ભરતપુર જોયું, પંજાબ, કાસ્મીર ને બંગાળાને હિંદનાં અવિભાજ્ય અવયવ બનાવનાર મોઘલ યુગ છે. ગાંધારને હિંદનું અવિભાજ્ય અવયવ બનાવવાના એકે પ્રયત્ન હજી નથી ફાવ્યા. ગાંધાર તેમ સિંહલદ્વીપ બૌદ્ધ હિંદનાં અવયવ બન્યાં હતાં, તેમાંથી સિંહલદ્વીપને ફરી હિંદનું અવયવ બનાવવાનો પ્રયત્ન કોઇએ કર્યો પણ નથી, વગેરે વગેરે દૃષ્ટિબિંદુ મારી વિચારણામાં પ્રવેશ પામ્યાં.

૧૮૯૯ના ઉત્તરાર્ધથી ૧૯૦૧નો પૂર્વાર્ધ પાછો મેં ડેક્કન કૉલેજમાં ઍક્ટિંગ આચાર્ય તરીકે ગાળ્યો, કેમકે એ બે વર્ષ પ્રો. બૅન પોતાની પહેલી ફર્લો રજા ભોગવવા સ્વદેશ ગયા. હું રવિવાર પેઠ અને પછી નારાયણ પેઠમાં જ રહ્યો. મારો એકલવાયો સ્વભાવ અને વાંચવા–લખવાને જ ઘણોખરો વખત અર્પી, વધે તેમાંય એકલા રખડવાની મારી લત જરાય ઘટ્યાં નહિ. અજમેરથી હું સાયકલ પર બેસતો થઈ ગયો હતો. તે વડે પૂણાની આસપાસના પંદરવીસ માઇલ લગીના પ્રદેશ આ વખતે જોયા. મેં પહેલા બાજીરાવ પેશ્વાના સમયને લગતાં અપ્રકટ ને મૂલ સાધનો ભેગાં કરવા માંડ્યાં ને એ સમયને લગતું ઐતિહાસિક વાઙ્મય–અંગ્રેજી તેમ મરાઠી–મળી શક્યું તે બધું જોઈ વળ્યો. આ સાધનો, ઉતારા, કાગળિયાં, ચોપડીઓ, પુસ્તકો આદિની એક પેટી ભરી. ત્યાં તો પાછો અજમેર ગયો ને એ મુસાફરીમાં, કે એ પછીનીમાં, રેલવેએ એ પેટી જ ખોઇ નાખી ! મારો એ સંગ્રહ અદૃશ્ય થઇ ગયો, એટલે આપણે તો મરાઠા ઈતિહાસના આખા વિષય વિષે જ નહાઈ નાખ્યું.

'આરોહણ' ૧૯૦૦માં પૂરૂં થયું. 'ટીચિંગ ઑવ ટેનિસન' એ વિવેચક નિબંધ કે ભાષણથી, 'વડેરા માધવરાવ પેશ્વા' એ ઐતિહાસિક નિબંધથી, તેમ 'આરોહણ' પૂરૂં કરી શકાતાં ૧૯૦૦માં મારી સર્જક-શોધક શક્તિઓમાં ને મારી 'કલાશક્તિ'માં મને શ્રદ્ધા બેઠી, કંઇક શૂરાતન ચડ્યું કે જીવનનું સાર્થક્ય આવા વિષયોના સમર્પણમાં છે.

પૂણે બે વર્ષ કામચલાઉ પ્રોફેસર થઈ આવ્યો ત્યારથી મુંબાઇ વિશ્વવિદ્યાલયમાં દર વર્ષે પરીક્ષક થવા લાગ્યો. આ સેવા ને કમાણી કેટલાં વર્ષ ચાલ્યા કરશે તેનો પહેલાં ત્રણચાર વર્ષ ખ્યાલ સરખો નહિ. બનારસ યુનિવર્સિટીમાં છ વાર, અલ્લાહાબાદ યુ. માં ચાર વાર પરીક્ષક થયો છું, તે ઉપરાંત મુંબાઇ યુ.માં તો ત્રીસથી વધારે વાર મેં પરીક્ષાઓ લીધી છે.

કેટલાંક વર્ષ પછી ઉત્તર વિભાગના ઈન્સ્પેક્ટરનું પદ પગારમાં માસિક રૂા. ૨૦૦ની ખોટ ખાઇને ય મેં નકાર્યું. સત્તા, પદવી, મોટા અમલદાર ગણાવું, સંખ્યાબંધ માણસો આપણને પોતાના ભાગ્ય-વિધાતા ગણે, એ કશાનો મોહ મને કદાપિ નહિ. હું તો એ બધાની 'અવળી બાજુ' જોનાર ને વખોડનાર સ્વતંત્ર મિજાજી 'લિબરલ ડેમો-

ક્રૅટિક ઈકવાલિટેરિયન'. આપણી ઈબારતમાં લખું, તો વિદ્યાર્થીજીવન, સર્જનમય બુદ્ધિપ્રવૃત્તિ અને કોળિયો ધાન, એ જ મારૂં 'ગોકુળ' અને મારા 'નંદકુંવર.' એ છોડીને જ 'વૈકુંઠ' મળતું હોય, તો આપણા પેલા ગીતમાંની ગોપીની જેમ, વૈકુંઠ મને વ્હાલું ના જ લાગે.

એટલે, ૧૯૦૧ની આખરે, દાદીમા ને બાપાજીના ગત થયા પછી હું ચંદ્રમણિ અને છોકરાં પાછાં અજમેર જ ગયાં! ત્યાંનાં ત્રણ વર્ષ દરમિયાન રાજપુતાનાના બે રાજવીએ મને દિવાનપદ આપવા તત્પરતા દેખાડેલી. મેં અતિ નમનતાઈપૂર્વક કમિશ્નર મારફત અસ્વીકાર કરેલો.

શ્રી રઘુનાથ પરાંજપે કૅમ્બ્રિજ સીનિયર રૅંગ્લર થઈને પાછા આવ્યા ને ગોખલેએ એમને થોડા જ વખતમાં પ્રિન્સિપાલ બનાવી દીધા, તે પછી એઓ મને દાબીને કહે, 'ઠાકોર, અમારી સંસ્થામાં તમારા જેવા પ્રોફેસરોની જરૂર છે. તમે આવી જાવ ને? દેશહિતની ખાતર એટલો ભોગ ન આપો?' મેં એમને સમજ પાડવા પ્રયત્ન કર્યો, 'મારાં હિતેચ્છુઓ અને વડીલો તો માને છે કે વિદ્યાની અને પ્રોફેસર થવાની ધૂનમાં ને ધૂનમાં મેં મને ભાન પણ નહિ એટલો મોટો ભોગ આપી જ દીધો છે. ને મારી હારના ગ્રૅજ્યુએટો એલ-એલ.બી. થઈને અત્યારે પણ શી સ્થિતિએ પહોંચી ગયા છે તે જુવો. જેઓ ઠેઠ મોખરે છે તેમને ભલે યાદ રાખો; જેમની સફળતા બીજા દરજ્જાની ગણાય તેવાની જ સ્થિતિ સુરત ને નડિયાદ, અમદાવાદ ભરૂચ ને કાઠિયાવાડમાં જુવો. તમને ખાત્રી થશે કે એટલું હું આ પ્રોફેસરની નોકરીમાં કદાપિ રળી શકીશ નહિ; એટલે એટલા ભોગે પણ મેં નિર્વાહ માટે આ પ્રવૃત્તિ પસંદ કરી એ જ મારો ભોગ.'

૧૯૧૪માં પૂણા ડેક્કન કૉલેજના પ્રોફેસર થઈને મેં Indian Administration to the Dawn of Responsible Government પુસ્તક લખ્યું. એ ચોપડી એ વિષય ઉપરની એક વજનદાર ચોપડી લેખે પંકાઈ. હિંદ ઉપરાંત ઈંગ્લાંડ, સામ્રાજ્ય, અમેરિકા, જર્મની અને જાપાનમાં, જ્યાં જ્યાં બ્રિટિશ હિંદના ઇતિહાસ ને રાજ્યવહીવટ અને રાજ્યબંધારણ તથા ઇંગ્લાંડ અને હિંદના સંબંધોનો ગંભીર ઐતિહાસિક અભ્યાસ થતો, ત્યાં ત્યાં એ ચોપડી ઠીકઠીક ફેલાઈ. તેમાં હિંદને ઇંગ્લાંડ સાથેના સંસર્ગ ને સંબંધથી શા શા લાભ થયા છે એ દર્શાવવામાં મેં ઇંગ્લાંડનાં માત્ર વખાણ, ખુશામદ આદિ કર્યા નથી. દરેક અગત્યના અભિપ્રાય માટે મેં પ્રમાણભૂત ગણાય એવા આધારો ટાંકયા છે. વળી ઇંગ્લાંડના દોષો પણ દેખાડર્યા છે. તોપણ મારી શ્રદ્ધા ઉદારમતવાદી—લિબરલ પક્ષની શ્રદ્ધા હતી તે જ, કે બ્રિટિશ સામ્રાજ્યમાં કૅનેડા-ઑસ્ટ્રેલિયાના જેવું 'ડુમીનિયન સ્ટેટસ'. એટલે કે' સામ્રાજ્ય બિરાદર'નું પદ હિંદને મળે તો તેમાં પૂરેપૂરી આઝાદી સમાઈ જાય છે. એ મારી શ્રદ્ધા ઘણાં વર્ષ ટકી રહી.

રાજ્યપ્રકરણક્ષેત્રમાં હું પૂજ્ય ગાંધીજીનો અનુયાયી નથી. તથાપિ આ મહાપરિવર્તનની પળે, જ્યાં બ્રહ્મદેશથી ઇંદોચીન સુધીની મુકાબલે પછાત પ્રજાઓ પણ આઝાદી માટે બનતા પ્રયત્નો કરી રહી છે ત્યાં, મને પણ શ્રી જવાહરલાલ નહેરૂ ને શ્રી વલ્લભભાઈ પટેલની નીતિ જ સાચી લાગે છે: આ હજાર તકની એક તક દરમિયાન હિંદે સંપૂર્ણ આઝાદીને જ પોતાનું નિશાન બનાવવું ઘટે એમ મારા જેવા માત્ર armchair politician અને ઉંમરે અતિ વૃદ્ધને પણ લાગે છે.

ઇતિ. અધૂરૂં તો અધૂરૂં. આટલું લખતાં કંટાળ્યો ગણો, થાકયો ગણો, અતિ લંબાણ થયું ગણો, અહીં જ અટકી જાઉં છું. માત્ર ઈ. ૧૯૦૪ સપ્ટેમ્બર ૧લીએ રાજકોટની નોકરી શરૂ થઇ, ત્યાંથી ફૂદી ઇ. ૧૯૪૩ એટલે મારા પંચોતેરમા વર્ષ વિષે ચાર લીટી ઉમેરૂં છું.

તેના સમારંભો થયા; યુનિવર્સિટીમાં સમુચિત સ્મારક માટે પૂરતો ફાળો થયો; માનપત્રો અને મંજૂષાઓ (caskets) અર્પણ થયાં; એ બધું વાંચનાર અને સાંભળનારને કદાચ લાગે કે મારૂં એ વર્ષ આનંદોલ્લાસમાં ગયું હોવું જોઇએ. ખરી હકીકત એથી ઘણી જુદી બની ગઈ. ૧લી ઑકટોબર '૪૩થી લગભગ ઑગસ્ટ '૪૪ની આખર લગીના મહિના હું સારી પેઠે માંદો અને અશક્ત હતો.

હું સારી પેઠે સમજું છું કે એ મંજૂષાઓ અર્પાઈ તેમાં હું બ. ક. ઠા. માત્ર નિમિત્ત. ગુજરાતીઓના હૃદયમાં આજે પોતાની ભાષા, પોતાના સાહિત્ય આદિના ગૌરવ માટે જે પૂજ્યભાવ, જે અભિલાષા, ભાવના આદિ તરવરે છે, ને વેગીલી વૃદ્ધિ અનુભવી રહ્યાં છે, તેના એક પ્રસંગોપાત્ત આવિર્ભાવ રૂપે જ એ મંજૂષાઓ. એટલે મેં તો જે ભાવથી મને એ સમર્પવામાં આવી તે જ ભાવ ઝીલીને, આંગળી અડકાડીને જ તુર્ત જાહેર કરેલું કે ગુજરાતી પ્રજાની પોતાના સાહિત્ય માટે બહુમાનની આ નિશાનીઓ મારા રંક ઘરમાં સચવાવાનો સંભવ તે કરતાં કંઈક વધારે સમય લગી પ્રજા સમક્ષ એવી ને એવી રહે, એટલા સારૂં હું તો એને ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ, અમદાવાદમાં એક સંગ્રહસ્થાન રચવાની નવી સંસ્થા ઊભી કરવાનું બીડું ઝડપ્યું છે, તે સંસ્થાને જ ભેટ આપી દઉં છું.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ:'પ્રાતઃકાળ'—હીરાલાલ પી. ભટ્ટ(અમદાવાદ);બીજું ઇનામ: મોકૂફ; ત્રીજું ઇનામ: 'સૂર્યાસ્ત'–કંચનરાય એમ. અમીન (અમદાવાદ); નોંધપાત્ર: 'ગોરજ ટાણે'–જમનાદાસ પંચોલી (અમદાવાદ); 'હિજરત'–રસિકલાલ શાહ (ભાવનગર).

કલાત્મક ફોટોગ્રાફી વિષે અનેકવાર જુદી જુદી રીતે કહેવામાં આવ્યા છતાં બહુ જ ઓછા તે તરફ લક્ષ આપતા જણાય છે. કેવળ પીંછી કે ટાંકણાનો પકડનાર જેમ ચિત્રકાર કે શિલ્પી થઇ શકતો નથી, તેમ માત્ર કૅમેરાની ચાંપ દાબનાર દરેક જણ ફોટો–કલાકાર બની જતો નથી. ચાંપ દાબતાં કે સારી છાપો ઉતારતાં આવડી એટલે ફોટો–કલાકાર બની ગયા, એવી ગેરસમજ જો દૂર થઇ શકે તો ઘણાં સમય, શક્તિ ને પૈસાનો દુર્વ્યય અટકે.

આ વખતે આવેલાં લગભગ ૫૦ જેટલાં ચિત્રોમાંથી વિચારપૂર્વક લેવાએલાં તો ભાગ્યેજ ચારથી પાંચ નીકળે. તેમાં પહેલું ઇનામ જીતનાર ભાઇ હીરાલાલ ભટ્ટના આ અંકના પૂઠા ઉપર છાપેલા ચિત્રમાં કાવ્યમયતા છે. પોતાના પ્રશાંત હૈયા પર હોડીને રમાડતી વહેતી નદીનાં નીરમાં સૂર્યકિરણોએ મોતીની જે રંગોળી પૂરી છે તેનો આનંદ લૂંટતો આ પત્થરનો ઘાટ પણ અદેખાઈ નથી ઉપજાવતો? ચિત્રને સજીવતા અર્પતું માનવપાત્ર અને ચિત્રનું સપ્રમાણ સંયોજન પ્રશસ્ય છે. પ્રિન્ટની ટૅકનિક અને ચોકસાઈભર્યું એકસપોઝર કલાકારનો કસબ બતાવે છે.

ત્રીજું ઇનામ મેળવનાર ભાઇ કંચનરાય અમીનનું 'સૂર્યાસ્ત' ત્રણ વૃક્ષની પાછળથી પસંદ કરાએલા કોણને લીધે વિસ્તાર અને ભવ્યતાવાળું દશ્યચિત્ર બની શક્યું હોત, પણ વર્ણભેદની ઊણપથી ચિત્ર પાછું પડી ગયું છે. ભાઇ પંચોલીનું 'ગોરજટાણે'નો, પાછાં વળતાં ઢોરનો વિષય સારો હોવા છતાં હવે તો બહુ જ ચવાઈ ગએલો છે. ચિત્રનું ફોકસિંગ ખામીવાળું છે. ભાઈ રસિકલાલ શાહના 'હિજરતે'ના સારા વિષયને કૅમેરાથી સભાન બની થંભી ગએલાં પાત્રો બગાડે છે. એ જ ચિત્ર ચાલુ ગતિએ અને યોગ્ય કોણથી લેવાયું હોત તો સુંદર ચિત્ર બની રહેત.

શ્રીદામ ભટ્ટ


ચિત્ર-વિજ્ઞાન

(અનુસંધાન પાછળના પાન ૧૭૫થી)




નં. ૧૦


વળી ઊંચીનીચી સીધી રેખાથી આડીઅવળી (zigzag) રેખા પર આંખ ફરે છે ત્યારે આંખની કીકી એ રેખાના દરેક ખૂણે અટકે છે ને માંસપેશીને વચ્ચેવચ્ચે આંખની કીકીને અવળે રસ્તે ઠેલવી પડે છે (ચિત્ર નં. ૧૦) એટલે કોઇ અવિચ્છિન્ન સીધી રેખા જોતી વખત આંખને જે સુખનો અનુભવ થાય છે તે સુખનો અનુભવ આડીઅવળી (zigzag) રેખા જોતી વખત થતો નથી; પણ પગલેપગલે વિપત્તિ ને ઊંધે જ રસ્તે જવાની ઉતાવળથી આંખને કષ્ટ પડે છે.



ઉપર ↑ ચિત્ર નં. ૧૧




નીચે ↓ ચિત્ર નં. ૧૨




પણ જો આ જ દ્વિભુજ સીધી રેખાની અણીઓ ભાંગી નાખીએ (ચિત્ર નં. ૧૧) અને તે આડીઅવળી (zig-zag) રેખાને ઊંચીનીચી વાંકી રેખામાળાનું રૂપ આપીએ તો એ વાંકી રેખા પર ફરતાં આંખને કંઈ પણ કષ્ઠ પડતું નથી; બલ્કે આરામ મળે છે. જોકે આ ઊંચીનીચી વિપરીત ગતિથી આંખને હિન્હોલવી પડે છે ખરી; પણ માંસપેશીને અણીવાળી આડીઅવળી રેખાની પેઠે થોડીથોડી વારે અટકવું પડતું નથી, પણ ગતિના ક્રમમાં તે ધીરેધીરે છૂટી થાય છે. ૧૧ અને ૧૨ નંબરનાં ચિત્રો પર આંખ ફેરવવાથી આ સમજાશે. વાંકી રેખાની આ ઊંચીનીચી ગતિને અંગ્રેજીમાં Rhythm અથવા છંદગતિ કહે છે.


કેવળ સીધી રેખા વડે ચિત્રકાર આંખને પ્રીતિકર સુંદર ચિત્ર કરી શકે ખરા, પણ વાંકી રેખાની મદદ લીધા વગર સુમધુર છંદમાં ચિત્રરચના ન કરી શકાય. કારણ, આપણે જોયું કે સીધી રેખાની અણીઓ અથવા એક જ પ્રકારની ગતિ આપણી આંખને પીડાદાયક થાય છે. વચ્ચેવચ્ચે વાંકી રેખાનો આશ્રય લીધા વગર આંખને ચેન નથી પડતું. સીધી રેખામાં ચીતરેલી માણસની છબિ (ચિત્ર નં. ૧૩) ગોળ રેખામાં ચીતરેલી બીજી છબિ (ચિત્ર નં. ૧૪) સાથે સરખાવવાથી આપણને લાગશે કે વાંકી રેખામાં ચીતરેલી માણસની છબિ દૃષ્ટિમધુર છે. સીધી રેખાની અણીઓમાં દૃષ્ટિની આ મધુરતા નથી.



ચિત્ર નં. ૧૩




ચિત્ર નં. ૧૪



ચિત્ર નં. ૧૫



ચિત્ર નં. ૧૬



↑ચિત્ર નં.૧૭



ચિત્ર નં.૧૮

ચિત્ર નં. ૧૫ તથા ૧૬ વાળા ઘોડાની બે છબિઓમાં પણ આ ફેર સારી રીતે સમજી શકાય છે. સીધી રેખામાં ચીતરેલી કૂકડાની લડાઈ (ચિત્ર નં. ૧૭) ને મુલાયમ વાંકી રેખામાં ચીતરેલી 'ઉંદરની દોડ' (ચિત્ર નં. ૧૮) એ બે ચિત્રોમાં પણ આ માધુર્યનો ફેર સ્પષ્ટ રીતે સમજી શકાય છે. સરળ રેખાના ચતુષ્કોણની અણીઓ ભાંગી નાંખી, તેને ગોળાકૃતિમાં ફેરવી નાખવાથી ચતુષ્કોણ વસ્તુ ગોળાકૃતિની વાંકી રેખામાં માધુર્ય મેળવે છે (ચિત્ર નં. ૧૯ તથા ૨૦).



← ડાબી બાજુ ચિત્ર નં. ૧૯

નીચે ↓ ચિત્ર નંબર ૨૦




પ્રકૃતિદેવી પોતાનો પદ્મ--હસ્ત ફેરવી, બધી રેખાઓના ખૂણા ભાંગી, ગોળાકૃતિવાળી વાંકી રેખાના માધુર્ય વડે પ્રકૃતિની જુદીજુદી મૂર્તિને મધુર બનાવે છે. પ્રકૃતિના રૂપમાં આંખને પીડાદાયક ખૂણા ભાગ્યે જ જોવામાં આવે છે (ચિત્ર નં. ૨૧). પહાડની ટોચ થોડે ઘણે અંશે ખૂણાવાળી હોય છે ખરી, પણ વાંકી રેખાના સહયોગથી એ સીધી રેખાનો ખૂણો ગોળાકાર ધારણ કરે છે (ચિત્ર નં. ૨૨.)


સીધી તથા વાંકી રેખાના આ દોષ, ગુણ અને મૂલ્ય વિચારીને વિચક્ષણ ચિત્રકાર પોતાની ગોઠવણીનું મધુચક્ર રચે છે. જેમ કવિ જુદાજુદા વજનના શબ્દો જાણી લઈને તેને યથાયોગ્ય ગોઠવી છંદ અને તાલમાં જોડી સુમધુર કવિતા રચે છે, તેમ ચિત્રકાર પણ જુદાંજુદાં રૂપની, જુદાંજુદાં મૂલ્યની, જુદાં જુદાં વજનની ને જુદાજુદા છંદની રેખાને સુંદરરીતે મેળવી (composition કરી) આંખને પ્રીતિકર એવા સુમધુર ચિત્રની રચના કરે છે (ચિત્ર નં. ૨૩-૨૪).

રેખાની આ ગોઠવણીની રીત પણ ચિત્રકાર પોતે જ શોધી કાઢે છે; કુદરતના સ્વાભાવિક રૂપની ગોઠવણીની તે હૂબહૂ નકલ કરતો નથી. આમ, પોતાની મેળે કરેલી રેખાની ગોઠવણી તે એ ચિત્રકારની પોતાની મૌલિક રચના, નકશો અથવા ડિઝાઈન (પરિકલ્પના) કહેવાય. આ ડિઝાઈન અથવા સ્વેચ્છાકૃત રેખાનો સમાવેશ એ જ ચિત્રરચનાની મૂળ શક્તિ અથવા પ્રાણ છે (જુઓ ચિત્ર નં. ૨૫).

સીધી રેખા અને વાંકી રેખાની વચ્ચે એક જાતનો સ્વાભાવિક ફેર, વિભેદ અથવા વિસંવાદ છે. આ ફેરને લઇને એક જાતની રેખા બીજી જાતની રેખાની શક્તિમાં વૃદ્ધિ કરે છે અથવા એને પોષણ આપે છે. જેમ કાળા રંગની પાસે સફેદ રંગ વધારે ઉજ્જવળ લાગે છે, તેવી રીતે વાંકી રેખાની સાથે—અથવા પાસે—સીધી રેખા વધારે સીધી હોય એવું લાગે છે. તેવી જ રીતે સીધી રેખાની પાસે વાંકી રેખા વિશેષ ગોળ લાગે છે. (ચિત્ર ૨૬ના બંને સમૂહ)


એટલા માટે કોઈ પણ રેખાને શક્તિશાળી અથવા ગુરુત્વપૂર્ણ કરવા માટે બે ઉપાય અથવા પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે: એક પદ્ધતિ તે વિપરીત રસ અથવા વિસંવાદી રેખાની મદદ લેવી તે; ને બીજી પદ્ધતિ તે એક જ રસવાળી વિસંવાદી રેખાની મદદ લેવી તે. એક જ સીધી રેખાની સાથે કે પાસે જો બીજી થોડી સીધી રેખા મૂકવામાં આવે તો પેલી રેખાને પોષણ મળે છે—તેનો ગુણ વધે છે, તેનું વજન વધે છે ને તે રસભર થાય છે. રેખાના આ દ્વિત્વથી અને પુનરાંકનથી તેનું મૂલ્ય વધે છે અને તેમાં નવા રસની ઉત્પત્તિ થાય છે. ઘણી વખત આ સહકારી રેખાને બહુ પાસે, થોડે દૂર અથવા બહુ દૂર રાખવી પડે છે (ચિત્ર નં. ૨૭). આ દૂરત્વ અથવા સાન્નિધ્યના પ્રમાણ અનુસાર એની સહકારિતાની મદદમાં ફેર પડે છે ને મૂળ રેખાના રસના ગુરુત્વનું અથવા વજનનું પ્રમાણ પણ વધારેઓછું થાય છે. ચિત્રકારના



ચિત્ર નં. ૨૧



ઉપર : ચિત્ર નં. ૨૨


જમણી બાજુ : ચિત્ર નં. ૨૫→

નીચે : ચિત્ર નં. ૨૩









ડાબી બાજુ તથા નીચે ચિત્ર નં. ૨૬


ઉપર: ચિત્ર ૨૪


બાજુએ: ૨૭
નીચે: ૨૮



ઉદ્દેશ પ્રમાણે આ સહકારી રેખાને દૂર અથવા પાસે રાખવી પડે. આ દૂરત્વ ને સાન્નિધ્યના પ્રમાણ અનુસાર રેખાના વજનમાં અથવા રસની અનુભૂતિમાં પણ ફેર પડે છે.

ચિત્રકારના ઉદ્દેશ પ્રમાણે સીધી રેખા, વક્ર રેખા, ખૂણાવાળી રેખાની હાર અથવા વાંકી રેખાની હાર ગોઠવીને ચિત્રકાર પોતાનો મનમાન્યો નકશો કે ડિઝાઇન (પરિકલ્પના) બનાવે છે. (ચિ. ૨૯).

વધુપડતા લવણયુક્ત આહારના દોષના નિવારણ માટે જેમ થોડી ખાંડની જરૂર પડે છે, તે પ્રમાણે જ્યાં વધારે વાંકી રેખાનો સમાવેશ થયો હોય છે તેના દોષનું નિવારણ કરવા ચિત્રકાર સીધી રેખાની ગોઠવણી કરે છે (ચિત્ર નં. ૩૦). તે જ પ્રમાણે, જ્યાં વધારે સીધી રેખાનો સમાવેશ થયો હોય છે તેના દોષના નિવારણ માટે ચિત્રકાર પોતાની રચનામાં કુશળતાથી કોઈ પણ સ્થળે વાંકી રેખાનો સમાવેશ કરી લે છે. આવી રીતે સીધી સરળ રેખાની ગોઠવણી વડે અણીવાળી સીધી રેખાની સમષ્ટિની ઉગ્રતા અથવા દૃષ્ટિકટુતાનું પ્રમાણ ઘટાડી શકાય છે. આ પ્રમાણે અખંડ, અતિ દીર્ઘ એવી એક સીધી રેખાને ભેદી વચ્ચેવચ્ચે વાંકી રેખાના હાંસિયા કરી, ચક્ષુપીડાનું નિવારણ કરવાની પદ્ધતિ જૂની છે.

પૂર્વ ને પશ્ચિમના દેશોના હસ્તલિપિ-કુશળ પ્રાચીન લેખકોની અક્ષર લખવાની લિપિકુશળતા (Calligraphy)માં પણ આ સીધી અને વાંકી રેખાના મધુર સમાવેશનો જ આપણને પરિચય થાય છે. મધ્ય યુગમાં સુંદર હસ્તલિખિત પોથીની બહુ કદર થતી. રાજા-બાદશાહો, ખ્રિસ્તી પાદરીઓ, પુરોહિત બ્રાહ્મણો, ધાર્મિક મુસલમાનો ને પંડિતોએ લિપિવિદ્યાને બહુ જ ઉન્નત કરી હતી. આ બધા ધાર્મિક સાધકોની મદદથી અને મહેનતથી લિપિવિદ્યાએ એક સર્વોત્કૃષ્ટ શિલ્પવિદ્યાનું રૂપ ધારણ કર્યું હતું. મધ્યયુગના આ બધા લિપિકુશળ શિલ્પીઓના લખાણમાં સીધી ને વાંકી રેખાનો સુંદર અને સુચતુર પ્રયોગ જોવામાં આવે છે. જેઓ આવી સુંદર લિપિ લખતા હતા તેઓ રેખાતત્ત્વનું વિશેષ જ્ઞાન ધરાવતા હતા; એટલે કે કેટલા પ્રમાણમાં સરળ રેખાની સાથે વાંકી રેખા જોડવાથી સુંદર સુમધુર આકૃતિના અક્ષરો લખી શકાય તેનાં યોગ્ય મૂલ્ય અથવા વજનનું જ્ઞાન તેઓને હતું. ચીન, જાપાન અને હિંદુસ્તાનમાં અક્ષર લખવાની આ શિલ્પકળાના ઘણા નમૂના છે. એવી લિપિકળાના કેટલાક નમૂનાઓ આ સાથે આપ્યા છે (ચિત્ર નં. ૩૧થી ૩૭). તેમાં નં. ૩૬માં ચીની ભાષાના જુદાજુદા અક્ષર ગોઠવીને એક માણસના ચિત્રની રચના કરવામાં આવી છે.




ચિત્ર નં. ૨૯; જમણી બાજુ ચિત્ર નં. ૩૦; નીચે ચિત્ર નં. ૩૧



ચિત્ર નં. ૩૨

ચિત્ર નં. ૩૩





૩૪→




←૩૫

૩૬↓





(આ આકર્ષક લેખમાળાનો વિશેષ ભાગ ચિત્રો સાથે આવતા અંકમાં)

દીવાલ પરનો ચહેરો

વિખ્યાત અંગ્રેજ લેખક ઇ. વી. લ્યૂકાસની એક રસપ્રદ વાર્તા ઉપરથી

અનુવાદક
યશવંત શુક્લ

ડૅન્નીને ત્યાં ગઈ કાલે રાત્રે જે તગાચો ખાધો તે હજી ચગચગે છે. સંતોષ માત્ર એટલો જ છે કે તમાચો ખાવામાં હું એકલો નહોતો. વાત એમ હતી કે અમે બધા ભૂતની વાતે ચઢી ગયા હતા. હવે એ વાતોમાં માલ કશો ગળે નહિ અને તો ય આકર્ષક એટલી બધી કે એનો પારછેડો ય આવે નહિ. અમારામાંથી ઘણાએ પોતે જાણતા હતા તે પ્રસંગો કહી સંભળાવ્યા, પણ બરાબર રંગત જામતી નહોતી. ભેગા થએલામાંથી હું જેમને ઓળખતો નહોતો તેમાં એક નીચી કાઠીનો માણસ હતો. રૂડસન-વેટ એને તાણતો આવ્યો હતો. સફેદ પૂણી જેવા એના ચહેરા પર આતુરતા અંકિત થએલી હતી. એકેએક બોલનારની વાતને એ ખૂબ ધ્યાનથી સાંભળતો હતો પણ પોતે કશું બોલતો નહોતો. પછી એને વાતમાં દાખલ કરવાના ઈરાદાથી ડૅની એ એની તરફ ફરીને પૂછ્યું કે, 'તમારે કંઇ કહેવા કરવાનું નથી? જેનું રહસ્ય હાથ ન લાગે એવો કોઇ અનુભવ, એવી કોઇ વાત તમારે કરવાની છે કે નહિ?'

ઘડીભર એ ગાણસ વિચારી રહ્યો. પછી બોલ્યો: 'સામાન્ય અર્થમાં જેને વાત કહીએ તેવી વાત તો મારે કહેવાની નથી. તમે બધાએ અહીં રજૂ કર્યા છે તેવા, બીજા કનેથી સાંભળેલા દાખલા મારી કને મુદ્દલ નથી. હું તો હમેશાં ગાનતો આવ્યો છું કે જે કાલ્પનિક છે તે કરતાં સત્ય વધુ રહસ્યગય જ નહિ પરંતુ વધુ રસિક પણ હોય છે. મારી પોતાની બાબતમાં બન્યો હતો તેવો એક પ્રસંગ કહો તો કહી સંભળાવું. અને જરાક વિચિત્ર લાગશે, પણ આજે સાંજના ભાગમાં જ એનો અંત આવ્યો.'

અમે એને પોતાની વાત કહેવા આગ્રહ કર્યો. એણે કહેવા માંડયું:

'આજથી વરસ બે વરસની વાત પર હું ગ્રેટ ઑરમંડ સ્ટ્રીટમાં થોડીક ઓરડીઓ ભાડે લઈને રહેતો હતો. ઘર જૂનું હતું. મારી અગાઉના એક ભાડૂતે સૂવાના ઓરડાની દીવાલોને રંગ કરાવ્યો હતો, પણ એ જગા ભેજવાળી હોવાથી ઠેકાણે ઠેકાણેથી રંગ ફટકી ગયો હતો ને દીવાલ પર મોટાં ધાબાં પડી ગયાં હતાં. એમાંનું એક ધાબું, ઘણીવાર બનતું હોય છે તેમ, આબાદ જાણે કોઇ ગનુષ્યના ચહેરાની આકૃતિ હોય તેવું દેખાતું હતું. પણ આ દાખલામાં પેલી આકૃતિ મનુષ્યાકૃતિને હબકી જવાય એટલી બધી મળતી આવતી હતી. સવારેઊઠવાનું આળસ કરતાંકરતાં પથારીમાં પડ્યોપડ્યો હું એ આકૃતિને ધ્યાનથી નિહાળ્યા જ કરતો, નિહાળ્યા જ કરતો. ધીમે ધીમે એ જાણે કોઈ ખરેખરી જીવંત વ્યક્તિ હોય, જાણે મારો સહવાસી હોય એ ભાવ ગારા ગનગાં દૃઢ થવા લાગ્યો. વિચિત્ર તો એ હતું કે દીવાલ પરનાં બીજાં ધાબાં મોટાં થતાં જતાં હતાં ને તેગની રેખાઓ બદલાતી જતી હતી, પણ આનું એવું કશું થતું નહિ. આકૃતિ બરાબર હતી તેવી જ રહી.

'ત્યાં રહેતો હતો તેવામાં એકવાર હું સખત ઈન્ફ્લુએન્ઝાથી પટકાઇ પડ્યો. એ ગાંદગીમાં આખો દિવસ કરવાનું કશું હતું નહિ, એટલે કાં તો વાંચું કે કાં તો વિચારે ચઢું. અને એ જ વખતે આ ચહેરાએ ગારા ગનને વધારે મજબૂત પકડમાં લીધું. એ મુખાકૃતિ વધારે ને વધારે વાસ્તવિક ને ધ્યાનપાત્ર બનતી ગઇ. હું એમ પણ કહું કે દિવસ ને રાત મને એના ને એનાં જ વિચારો આવવા લાગ્યા. એના નાકનો વળાંક અદ્ભુત હતો અને ઢળતું કપાળ પણ અપૂર્વ હતું. ખરું પુછાવો તો એ ચહેરો વ્યક્તિત્વપૂર્ણ હતો. નોખી જ ભાત પાડે તેવા પુરુષનો, હજારમાં એકનો હોય છે તેવો, એ ચહેરો હતો.

'ઠીક. પછી તો હું સાજો થઈ ગયો. છતાં પેલા ચહેરાએ મનનો જે કબજો લીધો તે લીધો જ. શેરીઓ અને ગલીઓમાં એ ચહેરા જેવા ચહેરાને ઢૂંઢતા ફરવા સુધી વાત આવી. ક્યાંક ને ક્યાંક તો આવો ચહેરો ધરાવનાર જીવતોજાગતો માણસ હોવો જ જોઇએ એની મને ગળા સુધીની ખાતરી બેસી ગઈ હતી. અને એને ગળ્યા વિના પછી ચાલે જ કેગ? શા માટે આ બધા ઉધાગા કરવા તેનો મને કશો ખ્યાલ જ નહોતો. હું એટલું જ જાણતો હતો કે કોઇક અકળ રીતે વિધિએ ગારો ને એનો યોગ કરી આપ્યો હતો. ગાણસો જ્યાં મોટી સંખ્યામાં એકઠાં થતાં હોય છે તેવાં સ્થાનોગાં—રાજકીય સભાઓમાં, ફુટબૉલની મૅચોમાં, અને પરાંની ટ્રેનો જ્યાં સવારે હજારોને ઉતારે છે અને સાંજે જ્યાંથી ઉપાડે છે તેવાં રેલવે સ્ટેશનોએ હું વારંવાર જવા લાગ્યો. પણ બધું ફોગટ. તે વખતે પહેલાં કદી નહિ થએલું એવું ભાન ગને થયું તે એ કે માણસ ગાણસના ચહેરાગાં કેટલો બધો ફેર હોય છે, અને છતાં એ ફેર કેટલો થોડો હોય છે; કેમકે એકેએક ચહેરો બીજા ચહેરાથી જુદો પડે છે ને તોય જો ચહેરાઓનું વર્ગીકરણ કરીએ તો આંગળીને વેઢે ગણી શકાય એટલા વર્ગોગાં જ એ સઘળા જૂજવા ચહેરા ફાળવી શકાય તેમ છે.

'એ શોધનું ગને ખરેખરૂં ઘેલું જ લાગ્યું હતું. પછી તો એ શોધ સિવાયનાં બીજાં બધાં કામ મેં છાંડયાં. ભીડવાળા રસ્તાને એક ખૂણે હું ઊભો રહેતો ને લોકના થોક સામે ટીકી રહેતો. એવી રીતે ને એટલી બધી વાર ટીકી રહેતો કે લોકો મને ગાંડાગાં ગણવા લાગ્યા. પોલીસ પણ મને ઓળખી ગઇ ને મારી પર વહેમાવા લાગી. સ્ત્રીઓની સામે હું નજર ગાંડતો જ નહીં—બસ પુરુષો, પુરુષો ને પુરુષો જ.'

થાકયો હોય તેગ એણે પોતાની ભમ્મર પર જરાક હાથ ફેરવી લીધો. 'અને પછી', એણે વાત ચાલુ કરી. 'આખરે મેં એને જોયો! પિકૅડિલીને રસ્તે થઈને એ પૂર્વ તરફ એક ટૅકસીમાં હંકારી જતો હતો. હું તે તરફ વળ્યો અને થોડેક સુધી ટૅકસીની બાજુમાં દોડયો. એટલામાં સામેથી એક ખાલી ટૅકસી મેં આવતી જોઈ. "પેલી ટૅકસીની પાછળ ગારી મૂક" એટલું જ હાંફતાંહાંફતાં બોલીને હું તેમાં ચઢી બેઠો. મારા ડ્રાઈવરે પૅલી ટૅકસીને નજરમાં નોંધી રાખી, અને એમ કરતાં અમે ચૅરીંગ ક્રૉસ સ્ટેશને આવીને અટક્યા. વેગથી હું પ્લૅટફૉર્મ સુધી ધસી ગયો અને મારા માણસને મેં બે સન્નારીઓ અને એક નાની છોકરી સાથે જોયો. એ લોકો ૨–૨૦ ની ટ્રેનગાં ફ્રાન્સ જઇ રહ્યાં હતાં. એની સાથે વાતચિતનો પ્રસંગ પાડવા માટે હું ટાંપી રહ્યો, પણ ફોગટ. બીજા ગિત્રો એ મંડળીગાં ભળવા આવી પહોંચ્યા હતા અને એ સૌનો સંઘ ધીમે ધીમે ટ્રેન તરફ ગતિ કરતો હતો.

'મેં ઝટપટ ફૉકસ્ટનની ટિકિટ કઢાવી,—એવી આશાએ કે એની બોટ ઊપડે તે પહેલાં હું એને પકડી પાડીશ. પણ ફૉકસ્ટનમાં હું બોટ પર ચઢું તે પહેલાં એ તો એના મિત્રો સાથે ક્યારનો યે ચઢી ચૂકયો હતો, અને કેટલીયે કૅબીનોને એકઠી કરીને બનાવેલા હોય તેવા એક ખાનગી સલૂનમાં એ બધાં ગાયબ થઇ ગયાં હતાં. એ કોઈ માલ-

દાર આસામી હતો એ દેખીતી વાત હતી.

'આમ બીજીવાર મારા પાસા ઊંધા પડ્યા. પણ મેંય એની અડફેટે ચઢવાનો નિશ્ચય કરી લીધો. મારા મનને ખાતરી હતી કે બોટ ચાલવા લાગશે એટલે એ એકલો તૂતક પર થોડી લટાર મારવા આવ્યા વિના નહિ રહે. મારી કને બૂલૉં સુધી પહોંચવા જેટલા ભાડાના પૈસા માંડ નીકળે એમ હતા, પણ કશું મને હવે મારા નિશ્ચયથી ડગાવી શકે એમ હતું નહિ. મેં બરાબર પેલા સલૂનના પ્રવેશદ્વારની સામે જ અડીંગા નાખ્યા ને રાહ જોવા લાગ્યો. અરધોએક કલાક થયો હશે ત્યાં પેલું બારણું ખુલ્યું ને એ બહાર આવ્યો. પણ એની સાથે પેલી નાની છોકરી હતી. મારું હૃદય એટલા બધા વેગથી ધડકવા લાગ્યું કે પ્રોપેલરને લીધે નહિ પણ મારા ધડકારને લીધે જ અમારી બોટ ડોલતી હશે એમ મને લાગતું હતું! બરાબર એ જ ચહેરો! જરાય ભૂલ થવાનો સંભવ નહોતો. રેખાએ રેખા બરાબર મળતી આવતી હતી. એણે મારી સામે નજર ફેંકી અને ઉપલા તૂતક પર જવાના બાજુના માર્ગે વળ્યો. મને થયું કે આ જ ખરો લાગ છે.

"મને માફ કરજો" થોથરાતી જીભે હું બોલ્યો. "પણ આપનું કાર્ડ આપવામાં આપને વાંધો નહિ જ હોય? આપની સાથે પત્રવ્યવહાર કરવાને મારે એક સબળ કારણ છે."

'એને અચરજ થયું હોય એમ લાગ્યું. અને કેમ ન લાગે? તેમ છતાં એણે મારી વિનંતી માન્ય રાખી. ખૂબ વિચારપૂર્વક એણે પાકીટ કાઢ્યું અને મને પોતાનું કાર્ડ આપીને પેલી છોકરી સાથે ઉતાવળે ડગલે એ ચાલી ગયો. એમાં તો શંકા જ નહોતી કે એણે મને કોઈ ગાંડો માણસ ધારી લીધો હતો અને મને નાખુશ કરવા કરતાં ખીલવવામાં વધારે ડહાપણ છે એમ સમજીને કાર્ડ આપ્યું હતું.

'આંગળી વચાળે કાર્ડને જોરથી પકડી રાખીને મેં વહાણને એક નિર્જન ખૂણે જઈ કાર્ડ વાંચ્યું. મારી આંખે ઝાંખ વળતી હતી. માથું ઘૂમતું હતું. કેમકે કાર્ડ પર આ શબ્દો આલેખેલા હતા: મિ. ઑરમંડ વૉલ. ઉપરાંત હતું પિટ્સબર્ગ, યુ. એસ. એ.નું એનું સરનામું!

'એ પછી બૂલૉંની એક ઑસ્પિટલમાં મને લાવવામાં આવ્યો છે એ મેં જાણ્યું ત્યાં સુધીમાં બીજું જે કંઇ બન્યું હોય તે મને યાદ નથી. એ ઑસ્પિટલમાં તૂટેલી તબિયતે થોડાંક અઠવાડિયાં પડ્યા રહેવાનું થયું અને એક મહિના ઉપર જ હું પાછો ફર્યો.'

થોડીવાર એ બોલતો બંધ રહ્યો.

અમે એની સામે અને એકબીજા સામે જોઇ રહ્યા અને એ વાત આગળ ચલાવે એની રાહ જોવા લાગ્યા. એ સાંજની બીજી બધી વાતો આ ફીકાફચ નાનકડા માણસે કરેલી વાત આગળ કશી વિસાતમાં નહોતી. એકાદ ક્ષણ અટકીને એણે વાતનો તંત ઝાલી લીધો:

'પેટ ઑરમંડ સ્ટ્રીટવાળા મારા મુકામે પાછો ફરીને હું આ અમેરિકન, જેના જીવનમાં આટલી અકળ રીતે હું આવી ચઢ્યો હતો તેને વિષે જેકંઈ જાણી શકાય તે જાણવા મથી રહ્યો. મેં પિટ્સબર્ગ ખાતે લખ્યું; અમેરિકન તંત્રીઓને લખ્યું; લંડનમાં વસતા અમેરિકનો સાથે સંબંધો કેળવવા માંડ્યા; પણ હું જે જાણી શક્યો તે આટલું જ, કે એ એક લાખોપતિ હતો, એનાં માબાપ અંગ્રેજ હતાં ને લંડનમાં રહેતાં હતાં. પણ ક્યાં રહેતાં હતાં? એ પ્રશ્નનો કશોઉત્તર જડ્યો નહિ.

'અને એમ, વખત વખતનું કામ કરવા લાગ્યો. પણ તે ગઇ કાલ સવાર સુધી જ. આગલી રાતે રોજ કરતાં વધારે શ્રમિત બનીને હું સૂઈ ગયો હતો અને મોડા સુધી ઊંઘેલો. જાગ્યો ત્યારે સૂર્ય ઓરડામાં પ્રવેશી રહ્યો હતો. હમેશાં કરતો આવ્યો છું તેમ જાગીને તરત જ પેલી ચહેરાવાળી દીવાલ તરફ મેં નજર કરી. મેં આંખો મસળી અને ભયનો માર્યો છલંગ મારી ઊઠ્યો. ચહેરો ખૂબ આછો દેખાતો હતો. આગલી રાત્રે તો એ રોજના જેવો સ્પષ્ટ હતો—એને બોલતો સાંભળતો હોઉં એટલો બધો સ્પષ્ટ. અને અત્યારે તો એ કેવળ અસલની છાયા હોય, અસલનું પ્રેત હોય એમ માંડમાંડ દેખાતો હતો. મૂઢ, ખિન્ન બનીને હું ઊઠ્યો ને બહાર ચાલ્યો ગયો. સાંજના છાપાની વહેલી બહાર પડતી આવૃત્તિ ક્યારનીય બહાર પડી ચૂકી હતી. મુખ્ય વિગતો આપનારી જાહેરાતમાં મેં વાંચ્યું: 'અમેરિકન કરોડપતિને નડેલો મોટર અકસ્માત!' તમે બધાએ એ વાંચ્યું હોવું જ જોઇએ. મેં છાપું ખરીદી લીધું અને શું વાંચવાનું મળવાનું છે એ જાણતો હતો છતાં તે ઝટપટ વાંચી ગયો: મિ. ઑરમંડ વૉલ, પિટ્સબર્ગનો કરોડપતિ, પોતાના સાથીદારો સાથે સ્પેઝીઆથી પીસાને રસ્તે મોટર હંકારી રહ્યો હતો. એની મોટર એકાએક એક લારી સામે અથડાતાં ઊંધી વળી હતી. મિ. વૉલની સ્થિતિ ગંભીર હતી.

'એવા જ મૂઢ ભારે હૈયે હું મારા રહેઠાણે પાછો વળ્યો ને જોવાનું કરતી છતાં જોઈ ન શકતી મારી આંખો દીવાલ પરના ચહેરા સામે માંડીને હું પથારી પર બેઠો. એમ હું જોઈ રહ્યો હતો ત્યાં એકાએક પેલો ચહેરો સંપૂર્ણ અલોપ થઈ ગયો! પાછળથી મને ખબર પડી કે મિ. વૉલ પોતાને થએલી ઇજાથી મૃત્યુ પામ્યા હતા. હું માનું છું તેમ, પેલો ચહેરો દેખાતો બિલકુલ બંધ થયો તેજ ક્ષણે!'

ફરીવાર એ શાન્ત રહ્યો.

'ભારે અજાયબીભરી વાત!' 'આવું તો આજેજ સાંભળ્યું!' અને એવું બીજુંબોલવાનું અમે આરંભી દીધું. અમે માનતા હતા પણ એમજ.

'ખરી વાત છે.' એ અજાણ્યા આદમીએ કહ્યું. 'મારી આ વાતમાં ત્રણ નોંધપાત્ર, ત્રણ અસામાન્ય રહસ્યો છે. એક તો એ કે લંડનના એક ભાડાના મકાનની દીવાલનો રંગ એવી રીતે ફટકી જાય કે એક અમેરિકન ગૃહસ્થનો ચહેરો તેમાંથી આલેખાઈ રહે, એટલું જ નહિ, એના પ્રત્યક્ષ જીવન સાથે એ આકૃતિ આટલો બધો ગાઢ સંબંધ સુદ્ધાં ધરાવે! આનો ખુલાસો આપતાં વિજ્ઞાનને હજી વાર લાગશે. બીજું એ કે જે સ્થાને આવી અદ્ભુત રીતે એ ગૃહસ્થનો ચહેરો કોઈ ગૂઢ શક્તિએ ઊભો કર્યો હતો તે સ્થાન સાથે એ ગૃહસ્થના નામને પણ થોડોક સંબંધ હોય! કેમ, એવું જ છે ને?'

અમે બધા એની સાથે સંમત થયા. અને પ્રેતયોનિના પ્રકટીકરણની અમારી અસલ ચર્ચા દ્વિગુણિત આવેશથી પાછી શરૂ થઈ ગઈ. એ ચાલતી હતી ત્યાં પેલા અદ્ભુત અનુભવનો કહેનારો ધીમે રહીને ઊઠ્યોઅને અમારી રજા લીધી. પણ એ બારણા સુધી પહોંચ્યો હશે ત્યાંતો અમારી મંડળીમાંના એકે—એ સ્પૅન્ટન હતો એમ જાણીને હું ખુશ થાઉં છું—અમારી આવેશપૂર્ણ ચર્ચાનું મૂળકારણ અમને સંભારી આપ્યું, એ ચાલ્યો જાય તે પહેલાં એને એક પ્રશ્ન પૂછીને. એની અત્યંત રસપૂર્ણ વાત સાથે સંબંધ ધરાવતું ત્રીજું કયું અસાધારણ રહસ્ય એને મન વસ્યું હતું એને લગતો એ પ્રશ્ન હતો: 'તમને યાદ તો હશે જ કે તમે ત્રણ બાબતોની વાત કરી હતી.' સ્પૅન્ટને એને સંભારી આપ્યું.

'અરે હા,' બહાર જવાને બારણું ઉઘાડતાં ઉઘાડતાં એ બોલ્યો. 'એ ત્રીજી બાબત કહેવી રહી જ જતી હતી. આ વાત સાથે સંબંધ ધરાવતી ત્રીજી અસામાન્ય બાબત એ છે કે અર્ધા કલાક પહેલાં જ મેં આ વાત ઉપજાવી કાઢી હતી. ચાલો ત્યારે, ગુડનાઇટ!'

અમે જ્યારે ભાનમાં આવ્યા ત્યારે રૂડસન-વેટ, જે અમને ડસવાને માટે આ કાળા નાગને અહીં લઈ આવ્યો હતો તેને ભીડાવવાને આમતેમ નજર ફેરવી. પણ એ ય પોબારા ગણી ગયો હતો!

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૨૯]

લેખક ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

'દે હાક અને ખૂણેખૂણેથી ધસશું હારોહાર,
આ ભારતમાત પુકાર !

કવિ ખબરદારે વર્ણવેલી એવી હાક ભારતમાતાએ દીધી હતી ને પરિણામે ૧૯૩૦, '૩૨, '૪૦ ને '૪૨ની સાલોમાં કુલ ચાર વખત હું જેલયાત્રાએ ગયો હતો.

જ્યાં માત્ર પથ્થર ને લોઢા સિવાય બીજી વસ્તુ આંખે પડવા દેવામાં આવતી નથી, માનવ હૃદયોને ક્રૂર ને જડ બનાવવાનું જ કાર્ય જ્યાં પદ્ધતિસર ચાલે છે ત્યાં રસદર્શન શું થતું હશે એમ સ્વાભાવિકરીતે જ લાગે !

અંદર પેસતાં જ બે યમદૂતો જેવા બંદૂક–બૅયોનેટધારી સોલ્જરો તેના ભીષણ દરવાજાની બંને બાજુએ ઊભા હોય છે. બંદોબસ્ત અને શિસ્ત ત્યાં સખ્તમાં સખ્ત રૂપે નિર્દયરીતે છાતી પર દબાણ કરે છે. બેડીઓ ને સાંકળોના કઠોર અવાજ સંભળાયા કરે છે અને ખુદ મોત પોતે જાણે દાંત કચકચાવતું સામું આવતું હોય એવો ભાસ થયા કરે છે.

પહેલવહેલો હું જ્યારે એ બારણાં વટાવીને ઑફિસમાં પેઠો કે તરત એક ખાખી ડ્રેસવાળા જેલરે ઘડિયાળ, પૈસા, પેન, કાગળ વગેરે તમામ ચીજો કબજે કરી. પછી નામ, ઉંમર, નિશાન વગેરે લીધાં અને જરાક વિવેકથી અંદરની બરાકોમાં દોરી ગયો.

રાતનો વખત હતો. બધે સૂનકાર અને એકાંત હતું. તાળાંકૂંચી ખખડે, અંદરના દરવાજા કઠોર અવાજે ઊઘડે, અને વસાય ત્યારે ફરી તાળાકૂંચી ખખડે, એમ કરતાં કરતાં ત્રીજા ચક્કરમાં એક ઓરડી ઊઘડી. એમાં, એક બદનામાં ચકલીએથી મારે હાથે પાણી ભરી લેવાનું હતું તે ભરી લઈ, મેં પ્રવેશ કર્યો.

બાફ પુષ્કળ હતો. ઉનાળામાં ઓરડીમાં સૂવાની મને કોઈ દિવસ ટેવ નહોતી. ઓરડી બંધ કરતાં પહેલાં જેલરે મને સળિયાવાળાં બારણાં પાસે જ માથું રાખીને સૂવાની ભલામણ કરી ને કહ્યું કે એ રીતે પવન આવશે. બારણાં બંધ થયાં, તાળાં દેવાયાં ને જેલર તથા સિપાઈ બંને અદૃશ્ય થઈ ગયા.

સ્વદેશધર્મને કાજે કેદ સ્વીકારનાર માટે પણ કંઇ દૈવી ચમત્કાર તો થયો નહિ અને હું તો કારાવાસમાં ખરેખર પડ્યો એનું સચોટ ભાન થવા માંડ્યું. મેં આખી રાત નિસાસા ઉપર નિસાસા નાખ્યા, ને ઊંઘ તો ઊડી જ ગઈ. ભગવાનને મેં કહ્યું કે હે પ્રભો ! આ તારો ન્યાય કેવો ? જે કેદમાં હોવી જોઇએ તે ગુનેગાર સરકાર આજે ચોકીપહેરા કરે છે અને દેશને માટે લડનારને તું કેદ કરવા દે છે ! ઘર, સ્ત્રી, બાળકો, ધંધો, મિત્રો, પુસ્તકો, સંસાર, સૃષ્ટિસૌન્દર્ય એ બધું એક પછી એક મને સાંભરવા માંડ્યું.

આખરે ધીરજ ખૂટી ને ડબકડબક આંસુ પડવા લાગ્યાં. એ સ્થિતિમાં એકાદ વાગી ગયો હતો, ત્યાં એક પહેરેગીરે ધીમેથી જાળી પાસે આવી કહ્યું, 'દાક્તર સા'બ ! સારાભાઇએ રામરામ કહાવ્યા છે.' હું તરત સમજ્યો કે એક દિવસ અગાઉ પકડાએલા સારાભાઈ કાશીપારેખનો એ સંદેશો હતો. તરત જ મેં સામા રામરામ કહાવ્યા ને અરસપરસની કુશળતા જણાવવાની આ રીત સખ્ત બંદોબસ્ત છતાં કેવી ચાલી શકે છે એ જોઇ આશ્ચર્ય પામ્યો. મને લાગ્યું કે ભગવાન હાજરાહજૂર છે અને દુશ્મનના કિલ્લામાંથી પણ એ પ્રેમભરી સંભાળની ખાત્રી આપી રહ્યો છે. પછી તો હું 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એ ભજન ગાતોગાતો ઊંઘી ગયો.

બહાર નીકળીને હું દાતણપાણી કરતો હતો એવામાં બીજા કેદીઓએ આવી કહ્યું કે ઓરડી વાળવાનું કે નહાયા પછી ધોતિયું ધોવાનું કામ આપે કરવું નહિ. અમે બધા શા કામના છીએ ? આપણી લડતનું મહત્ત્વ ને લોકસેવકોનો દેશ માટેનો આત્મભોગ જેલમાં પણ સમજાઈ ગયો હતો. અનેક કેદીઓ ભક્તિભાવથી રામરામ કરી ગયા. મને લાગ્યું કે ભગવાન તો જેલમાં પણ સાથે જ આવ્યા છે.

પછી તો લીમડાનાં ઘેઘૂર ઝાડ, સ્વચ્છ ઓટલા અને કલ્લોલતી ચકલીઓ, કાબરો ને કબૂતરો જોયાં. સારાભાઇ મળ્યા; દરબાર સાહેબ ગોપાળદાસ, ગોકળદાસ તલાટી, મોહનલાલ કામેશ્વર, નરસિંહભાઇ પટેલ (જેમનું લખેલું 'ગેરીબાલ્ડી' વાંચીને મેં રાજકારણનું જ્ઞાન દૃઢ કર્યું હતું તે) તથા બીજા ઘણા સમાનધર્મીઓ મળ્યા.

ઉદાસી ઊડી ગઇ. એ જ આકાશ, એ જ તારામંડળ ને એ જ પવન—જે બહાર હતાં તે જ જેલમાં પણ સાથે હતાં. કોયલ અને બુલબુલ પણ સંભળાવા લાગ્યાં ને પ્રાતઃકાળ તથા સાયંકાળની પ્રાર્થનાઓ સ્વદેશધર્મીઓ ભેગા મળીને કરવા લાગ્યા.

એક દિવસ હું ચોમાસાથી ઊગેલાં વિવિધ ઘાસ ને જંગલી ફૂલોનો ગોટો બનાવી લાવ્યો. નહાઇધોઇને એ ગોટાને મારા બદનામાં એક સ્ટૂલ પર મૂકી, પાસેના ઓટલા પર શેતરંજી પાથરીને હું વાંચતો બેઠો હતો ત્યાં જેલનો સુપરિન્ટેન્ડેન્ટ આવ્યો.

દૂરથી એની નજર મારી ઉપર પડી, અને મને લાગ્યું કે એ ગુસ્સે થશે; કારણકે જેલના નિયમ પ્રમાણે આવી ફૂલોની કે શેતરંજીની કે વાચનની રજા નથી હોતી. પણ એ તો મારી આગળ આવી ઊભો રહ્યો ને કહેવા લાગ્યો કે હું હમણાં જ જેલર સાથે વાત કરતો હતો કે માણસ ધારે તો સ્વર્ગનું નર્ક કરી શકે અને ધારે તો નર્કમાં પણ સ્વર્ગ લાવી શકે છે.

પછી તો હું રોજ ઘાસ ને ફૂલો લઈ આવતો ને બીજા મિત્રોના બદના પણ ભરી આપતો.

સત્સંગ, જ્ઞાનચર્ચાઓ, સમૂહવાચન, ગીતો, નાટક, પ્રાર્થના, ભાષણો, લેખન, મનન, નિદિધ્યાસન, કાવ્યશાસ્ત્રના વિનોદ, કસરત, હરવાંફરવાં, હાસ્ય વગેરે ખૂબ ચાલ્યું. જેમની સાથે બહાર પરાણે એકાદ કલાક પણ મળે તો સદ્ભાગ્ય ગણાય એવા મહાનુભાવો સાથે પેટ ભરીને વાતો કરી. પણ આ વિષય જેલજીવનની નિત્યનોંધનો નથી. એ વિષય પણ લખવો તો છે; પરંતુ બીજી વખતે.

જેલોમાં મને સંયમ, વિવેક, મનન, સેવા, ધ્યાન અને સ્વાધ્યાય તથા કસરતના ઘણા લાભ મળ્યા છે. સાબરમતી જેલમાં સરદાર વલ્લભભાઈ અને મહાદેવ દેસાઈની ઓરડી પાસે સાયંપ્રાર્થના માટે અમે બધા અવારનવાર એકઠા થતા ત્યારે જેલના બહારના ચક્કરમાંના એક મોટા વડ પર સેંકડો પોપટ આવીને બેસતા. ભૂરા આકાશની પશ્ચાદ્ભૂમિ પર લાલ ટેટાવાળો લીલો વડ બહુ શોભતો ને એના ઉપર ઊડીઊડીને આવતા લીલા પોપટોનો દેખાવ આકર્ષક થતો હતો.

મને લાગતું કે આ પોપટો કેવા સુખી છે ! ફાવે ત્યારે આ જેલના વડ પર આવીને પણ બેસે છે અને ફાવે ત્યારે ખેતરો અને નદીકિનારે ઊડી જાય છે. એમને જેલના દરવાજા કે વૉર્ડરો કે બંદૂકવાળા રોકી શકતા નથી; ને અમે તો ગમે તેવા તો યે બંદીવાન છીએ !

આમ, શોધીશોધીને એકઠા કરેલા ગમે તેવા આનંદી વાતાવરણ છતાં, અને સમયનો સદુપયોગ કરવાની અનેક પેરવીઓ છતાં હૃદયમાં એક ઊંડો ચિરાડો તો સદા રહેતો જ હતો કે પરદેશી સરકારે અમને દેશની ભક્તિના ગુના માટે કેદ કરેલા છે. (ચાલુ)



માધુકરી

નશીબ એ કાયરતાનું સ્વપ્ન છે,
નિર્વીર્યતા કેરી બચાવ-ઢાલ,
અગિત પાન્થોતણું મૃગવારિ એ
યત્નેપ્સુઓ માટ વિનાશજાળ. —'સનાતન'

બે અંગ્રેજ મિત્રો

પૂણે અપેજીના નવા પ્રોફેસર ફ્રેઝરની સાથે દોસ્તીનો મને અણધાર્યો લાભ મળ્યો, જે પછી જન્મારો ચાલ્યો. સામાન્ય રીતે એક ખાતાના, એક જ સંસ્થામાં જોડે કામ કરતા અંગ્રેજ અને હિંદી વચ્ચે મૈત્રીસંબંધ શક્ય હોતો નથી, તથાપિ મને તો એક નહિ ને ત્રણ વાર એ મોટો લાભ મળી ગયો છે. રાજકુમાર કૉલેજમાં એક પછી એક બે વાઇસ પ્રિન્સિપાલ મારા મિત્ર થયા. ફ્રેઝરનાં મા ભોળાંભલાં મામડિયણને પૂણાની અમલદારી તોરની મડમો સાથે ફાવ્યું નહિ. એણે તો હું પહેલી કે બીજી વાર જ ગયો હોઇશ ને મારી આગળ પોતાની કેટલીક મુશ્કેલીઓ રજૂ કરવા માંડી. એમ, મારા ત્યાંના આંટાફેરાએ લગભગ નિયમિત જેવું રૂપ પકડયું. ફ્રેઝર માને કહે 'પણ તું પ્રોફેસર ઠાકોરને બહુ તરદ્દી આપે છે.' એટલે મારી સામે જુવે, 'Do I?' હું સામે પૂછું, 'Do I look like it? Don't I enjoy the time with you?' અને અમે ત્રણે હસી પડીએ.

ફ્રેઝર તદ્દન નિખાલસ હૃદયનો માણસ; જાણે કાચની પારદર્શક મૂર્તિ. એની બિલાડી જેવી આંખમાં તેમ એના હૃદયમાં તળિયાં લગી જોઈ શકાય. 'દુષ્કાળ'માં હું જેને 'બ્રિટિશ નરકોરૂં' કહું છું તેનો ગિલિમિટર પણ નહિ. અમારા એક ગુજરાતી વિદ્યાર્થીનું બી. એ.માં એવું પરિણામ આવેલું, કે એને ડેક્કન કૉલેજની ફેલોશિપ મળવા થોડા ટકા સંભવ ખરો. અર્જીઓમાં એની જોઇને હું ફ્રેઝર પાસે ગયો. કબાટના ખૂણામાં એના નિબંધો ફ્રેઝરે પૂઠાંની પેટીમાં જુદા સંઘરી રાખેલા, તે પેટી એણે તુર્ત કાઢી. 'અર્જી આવ્યા પછી આ હું બે વાર ફુથલાવી ગયો. એ માનસ, એ બુદ્ધિપ્રવૃત્તિ મને નથી સમજાતી. તમે જોઈ જાવ. Of firm concrete hold of facts, there is litle. Scattered glow, here and there, yes; but insight-penetration-the resulting light-? Where is it?' નિબંધોની ચર્ચાદ્વારા ઑક્સફર્ડ કેમ્બ્રિજના ટયૂટરો ને પ્રોફેસરો યુવકોનાં ચારિત્ર્ય સમજવા-ઘડવા મથે છે, તેની શક્તિઓને ઉત્તેજી અમુક વલણ આપે છે-તેનો જ નમૂનો!

બધું જ કામ નિયમિત વ્યવસ્થાએ કરે; જાણે જર્મન વિદ્વાન. અમુક બારીકીનું દળણું આપે જ, જાણે સોનાના તારને ઉત્તરોત્તર વધારે ઝીણા બનાવતું જંતરડું, જાણે વાળ કાપવાનો સંચો નંબર ઝીરો. બધો વખત, બધી શક્તિ આ પ્રમાણે જ વાપરવામાં અનન્ય શ્રદ્ધા.

રાજકોટથી હું જ્યારેજ્યારે મુંબાઈ આવતો ત્યારેત્યારે અમે મળતા એકાદ સાંજના ત્રણચાર કલાક સાથે ગાળ્યા વિના ચેન પડે જ નહિ. એ કંઇકંઈ કહી જાય. 'ઇન્ડિયન એજ્યુકેશન' માસિક ચલાવતા તેના અનુભવ, 'સેકન્ડરી ટીચર્સ કૉલેજ'ના પ્રિન્સિપાલ થયા તેના અનુભવ; અરે પોતે નથી જ પરણવું એ નિશ્ચય પર આવી ગયા તેની પાછળના અનુભવ,—એમ એમની વાત ખૂટે નહિ. હું પણ કાઠિયાવાડ રાજકુમાર કૉલેજ, હિંદ ને મુંબઈઇલાકાના આગેવાનો, ઇન્ટેલિજૅન્શિયા, કંઇકંઈ વિષય એમની સાથે ખુલ્લે દિલે છેડું. એ અચાનક કૉલેરામાં અહીં જ ગત થઇ ગયા ને મારૂં માથું ધુમ્મ થઇ ગયું તે અઢીત્રણ દિવસે ઠેકાણે આવ્યું.

ઉત્તર હિંદ વિષે તો ઘણું પ્રકાશમાં આવી ગએલું છે એમ ગણીને ફ્રેઝરે પોતાની પહેલી વૅકેશનથી જ દક્ષિણ તરફ પર્યટણો શરૂ કર્યાં. આગગાડીના રસ્તા છોડી એ ગાડાવાટે ગામ

આ માસ
ઑગસ્ટનું પંખી
ચાતક



'મેઘની પાસે જળ
યાચતું', 'રક્ત અક્ષરથી
પડતાં ટીપાં ઝીલીને જ
જીવતું'—એવી અદ્ભુત
કલ્પનાઓ વડે આપણા સા-
હિત્યકારોએ નવાજેલા આ
પંખીની બાબતમાં વસ્તુતઃ એવું કશું નથી.
વર્ષા એનો પ્રજનનકાળ હોઈ એ થનગનાટ-
વાળો હોય છે, ને મેઘદર્શનથી ઉન્મત્ત બની
ઝાડની ઊંચી ડાળીએ હવામાં વીંઝાતાં ને વર-
સાદમાં ભીંજાતાં અત્યંત વિહ્વળ અવાજે અ-
નવરતપણે ગાયે જાય છે; આવા કારણને લીધે
કવિકલ્પનાઓ એની આસપાસ ગુંથાઈ છે.

આ પંખી હિંદનું જ સ્થાનિક યાત્રી છે.
આપણે ત્યાં ચોમાસાના આરંભમાં આવી
હેમંત બેસતાં તે વિદાય લે છે. કાગડા અને
પોપટની વચ્ચેના કદનો, એકાદ ફૂટ જેવડો
એનો દેહ; પૂછડી આઠેક આંગળ; ઉપરનો
રંગ ચળકતો કાળો; પાંખમાં સફેદ પટ્ટો;
પૂછડીના પીંછાના છેડા તથા બીજું બધું શ-
રીર—દાઢી, ગળું છાતી, પેટ વગેરે પાણકોરું.
બુલબુલની પેઠે એને પણ માથે ત્રિકોણાકાર
કાળી ચોટલી હોય છે એ એને ઓળખવાની
વિશેષતા. ચાંચ કાળી, આંખ લાલ-બદામી.
પગ સીસારંગી ઝાંખા આસમાની.

મોટે ભાગે ગીચ ઝાડીમાં જ ભરાઇ રહે
નારૂં. વૃક્ષની ઊંચી ખુલ્લી ડાળે વર્ષાનું મૌન
સ્વાગત કરતું એને જોવું એ દૃશ્ય રમણીય
છે. કોયલ ને બપૈયો બેઠાં હોય તોપણ બોલે
છે. ચાતક માત્ર ઊડતાં જ બોલે છે. એનું
એકપદી ગાન તીવ્ર છતાં મનોહર હોય છે.

કોયલનું પિતરાઈ એટલે કુલરીતિ પ્રમાણે
જાતે માળો ન બાંધતાં બીજાં પંખી (ખાસ
કરીને લેલાંડાં) પાસે જ પોતાનાં ઇંડાં સેવ-
ડાવે છે. આ માસમાં એનાં બચ્ચાં દેખાય છે.
(શ્રી 'વનચરે' લખેલા લેખ ઉપરથી સંપાદિત

પછી ગામ જાય; જુવે, થોભે અને આગળ ચાલે. એમ આઠ વર્ષમાં એ કન્યાકુમારી લગી પહોંચ્યો. ત્રીજા જ વર્ષથી પોતે ખાસ તપાસવા-સંશોધવાની એક જ બાબત એણે પસંદ કરી: ત્રાંબા, પિત્તળ ને પંચધાતુની કારીગરીની વસ્તુઓ, દેવદેવી, મંદિરોનાં, મહેલોનાં મકાનોનાં ઉપરકર, પૂજાસેવા, યજ્ઞયાગાદિમાં જોઈતાં વાસણો વગેરે. આમાં શું જૂનું છે, શું વધારે જૂનું છે, શું મૂળ છે, શું નકલ છે, ક્યાંની કારીગરી, વગેરેની ગમ પડવા લાગી. તે પછી એણે એ ચીજો ખરીદી પણ સારી સંખ્યામાં, કાલાનુક્રમે તથા સ્થાનાનુક્રમે ગોઠવી શકાય એ પ્રમાણે. ને એ એનો સંગ્રહ, એની વર્ણનપટ્ટીઓ સાથે એના મૃત્યુ પછી પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં ખરીદાયો અને સચવાયો છે.

બીજા અંગ્રેજ મિત્ર સુથારના પુત્ર, જાતે સારા સુથાર હતા. અહીં સિવિલિયન થઇને આવ્યા અને પંદરવીસ વર્ષમાં ઈલાકાના તમામ જિલ્લા ફરી વળ્યા. તે દરમિયાન એમણે પોતાની ફુરસદના સમયમાં સ્થલસ્થલનાં ગાડાંનો લઘુ ઘાટ (miniature)—પણ એના દરેક ભાગવિભાગ બરાબર પ્રમાણસર બતાવાય એ મુજબ—ઉતાર્યો. એ નમૂના ગામ જિલ્લાના અનુક્રમમાં એક જૂના બિલિયર્ડસના ટેબલ પર એ ગોઠવી રાખે, અને તેમાં જરા નવી જાત કે વિગતનું ગાડું જુએ કે તેનું બરાબર માપ નોંધી લઇને ફુરસદે એક નવો નમૂનો ઉમેરે. મારા ઉપર એક વાર ખૂબ ખુશ થઈ ગએલા ત્યારે મને ચા પીવા બોલાવ્યો અને પછી પોતાના બિલિયર્ડસના ટેબલ ઉપરના આ નમૂના આગળ લઈ ગયા. મેં એક નમૂના વિષે કહ્યું, 'આ ગાડું આમોદનું.' એ કહે 'હા, અને જુઓ, આ તેની પાસેના ચરોતરના દક્ષિણ ભાગના ગાડામાં જ આટલો ફેર. લોકોએ જમીનની ને બીજી ખાસિયતો ધ્યાનમાં લઇને જરાજરા ફેર કરતાંકરતાં ગાડાંને પોતપોતાને વિશેષ અનુકૂલ બનાવી લેવાની ઇચ્છામાંથી ઇલાકાનાં ગાડાંઓમાં આ આટલા બધા ફેરફાર થયા છે.' મેં ફ્રેઝરના સંગ્રહની વાત એને કરી એ કહે, 'હિંદમાં ચોતરફ સંગ્રહ કરી અભ્યાસ કરવા જેવી અને તેમાંથી કલાકારીગરી, વેપાર વગેરેના ઇતિહાસ બેસાડવાની અખૂટ સામગ્રી વેરણખેરણ પડેલી છે. એક વાર દિશા પસંદ થાય અને તેમાં ગમ પડવા માંડે, પછી ખર્ચ કે સમય પણ એટલો બધો કંઇ ના લાગે, અને ઘણુંઘણું હાથ આવે એમ છે, જેનો નાશ પણ અત્યંત ઝડપે થવા માંડ્યો છે.' —બલવન્તરાય ક. ઠાકોર

('પંચોતેરમે' નામક પુસ્તકમાં લખેલી આપકથા 'મિતાક્ષરી' માંથી)


નાણાં વગરની શ્રીમંત પ્રજા

આપણે પૈસાના એવા તો ગુલામ બની બેઠા છીએ કે કોઇ એમ કહે કે તેના વગર પણ પ્રજાઓનું જીવન વર્ષો સુધી ચાલેલું, તો એ કલ્પના જ આપણે ગળે ઊતરી શકે તેમ નથી. જગત આખાની અંદર અત્યારે તો એક પણ એવી સંસ્કૃત પ્રજા નથી કે જેને એક યા બીજા પ્રકારનું ચલણી નાણું રાખવું ન પડ્યું હોય. છતાં બે કરોડની વસતિ ધરાવતા એક વિશાળ ને સુસંસ્કૃત સામ્રાજ્યની પ્રજાને ચલણી નાણું શું કહેવાય તેની ખબર જ નહોતી! તેથી એની ભાષામાં નાણાં માટે પર્યાયવાચક એકે શબ્દ નહોતો. એ હતા 'પેરૂ'ના ઇન્કા લોકો.

પણ નાણાંના અભાવે એ લોકો કાંઈ ગરીબ નહોતા. એમની પાસે સોના અને રૂપાના વિશાળ ભંડારો હતા. અને સ્પૅનિશ લોકોનાં આક્રમણ વખતે તો એ પ્રજા દુનિયાની સર્વ પ્રજાઓમાં સૌથી વધુ શ્રીમંત હતી. ત્યાંથી ચોરાઇને આવેલા સોનાને જોરે જ સ્પેઇન યુરોપમાં પહેલવહેલું સોનાનું ચલણ દાખલ કરી શકેલું. અને તે પછી જ બીજી યુરોપી પ્રજાઓએ એ ચલણ દાખલ કર્યું છે.

બિલાડીના ટોપ

વર્ષાદનું પાણી ધરતી પીએ કે તરત જ લીલા રંગની ઉજ્જ્વલતા અને સુંવાળપનું સૌંદર્ય ધરાવતું તૃણ દરિયાકિનારાથી માંડી છેક પર્વતની ટોચ સુધી, સર્વત્ર ઊગી નીકળે છે. આ જ રીતે ઠેકઠેકાણે છાણ, છાણાંના ઢગલા, ભિનાશવાળી જગ્યા યા કહોવાતાં ઝાડનાં થડ કે ઠૂંઠા ઉપર બિલાડીના ટોપ (Mushroom) ઊગી નીકળે છે. દૂધના જેવો રંગ, મખમલના જેવી સુંવાળપ અને છત્રીના જેવો ઘાટ ધરાવતા આ બિલાડીના ટોપ નાનપણમાં આપણા આશ્ચર્ય ને રમવાનું સાધન બની જાય છે. બિલાડીના આ ટોપ ફૂગનો એક પ્રકાર છે. એની અમુક જાત તો ખાવામાં વપરાય છે, અને પશ્ચિમના લોકો તે દ્વારા મિષ્ટ ખાદ્યનો સંતોષ અનુભવે છે. તો વળી કોક જાત એવી થાય છે કે જે ખાધાથી ઝેર પણ વ્યાપે છે.





બિલાડીના ટોપની ઘણી જાતો થાય છે. આમાંની જંગલમાં કહોવાતાં મરેલાં કે લીલા ઝાડમાં કુહાડીના ઘા પડેલાં સ્થળોએ ને ઝાડના મૂળોએ થતી ડઝનેક જેટલી જાતો (Armillaria, Poliporus Sulphuretis, Agarics etc) તો નિશામણિ આગિયાની જેમ રાત્રે આપમેળે ઝબકતી પણ હોય છે. આથી રાતના જાણે કે ઝાડે ઝાડે સૌમ્ય તેજ પ્રગટાવતા દીવા ટાંગ્યા ન હોય તેવું દેખાય છે.

આ ફૂગના સુક્ષ્માતિસૂક્ષ્મ બીજકણો વૃક્ષ પર આસન જમાવે કે તરત જ દોરા જેવા તંતુઓ ખોરાકની શોધમાં ઝાડની છાલ ભેદી તેના ગર્ભમાં પ્રવેશે છે ને ઝાડનો જીવનરસ ચૂસતા ક્રમશઃ સર્વત્ર ફેલાવો પામે છે. ઝાડની છાલ ઉખડી જવાથી કે બીજાં કારણોસર આ તંતુઓ (Mycellia) ખુલ્લાં થાય છે ત્યારે તેમાંથી રાતના ઝાંખુંલીલું કે ભૂરું તેજ ચમકવા માંડે છે. તંતુઓમાંથી આ તેજધારા વહેવાનું કારણ તેમના શ્વાસોચ્છ્વાસની ક્રિયામાંથી ઉદ્ભવતા લુસીફેરીન નામના પદાર્થ સાથે વાતાવરણનો પ્રાણવાયુ મળે છે તે છે. જ્યારે પ્રાણવાયુની સમીપતા દૂર થાય છે ત્યારે તંતુઓમાંથી નીકળતું તેજ વિલાઈ જાય છે.

ફૂગના નાશ પછી પણ પદાર્થ લુસીફેરીન તો ત્યાં રહેલો હોય છે, એટલે ફૂગ ના હોય તોપણ રાતના ઝાડના દેહ કે મૂળ ઉપર દીવા પ્રગટ્યા હોય તેવી તેજની શોભા થતી હોય છે.

ફૂગની એ તેજોમયતાથી મુગ્ધ થનારાં પણ નથી હોતાં એમ નહિ. પૅસીફિકના દખણાદા ટાપુ ઉપરની સ્ત્રીઓ વાળને શણગારવા તેને માથે ધારણ પણ કરે છે. —શિવપ્રસાદ ત્રિવેદી

તારાના રંગપટો

'કુમાર'ના ૨૬૮મા અંકની માધુકરીમાં જેનો ઉલ્લેખ છે તે ૨૦૦ ઇંચનું દૂરદર્શક યંત્ર-ટેલેસ્કોપ-જ્યારે તૈયાર થતું હતું ત્યારે વિજ્ઞાન-

રસિકો એ યંત્રની મદદ વડે કેટલીયે અવનવી શોધો થવાની આશા સેવી રહ્યા હતા. પણ દરમિયાનમાં જગતનું બીજું મહાયુદ્ધ ફાટી નીકળ્યું અને એ ટેલેસ્કોપનું કામ ખોરંભે પડયું. પરંતુ વૈજ્ઞાનિકોએ કદી આળસને પિછાન્યું જ નથી; અને તેમાંયે જેને શોધનું વ્યસન લાગ્યું તે તો નવરા બેસી પણ શકે ખરા? એટલે વૈજ્ઞાનિકોએ નવી શોધો માટે જુદી જ દૃષ્ટિ દોડાવી. માઉન્ટ વિલ્સનની વેધ શાળામાં ૧૦૦-ઈંચનું (હાલનું મોટામાં મોટું) જે ટેલેસ્કોપ છે એની મદદથી એમણે ફોટો-ગ્રાફીની અવનવી શોધોના પ્રયોગો કરવા માંડયા; અને આજે ખગોળ શાસ્ત્રીઓએ એ દ્વારા અવનવી સંસિદ્ધિ પ્રાપ્ત કરી છે. અહીં આપણે ટૂંકમાં તે જોઇએ.

૧૦૦-ઈંચના એ ટેલેસ્કોપ સાથે એમણે ઉપયોગમાં લીધેલું પ્રથમ નોંધપાત્ર યંત્ર તે સ્પેકટ્રોગ્રાફ. આપણે આકાશી તારાઓનો જે શ્વેત પ્રકાશ જોઇએ છીએ તે પ્રકાશને આ યંત્રની મદદ દ્વારા મેઘધનુષ્યના સપ્તરંગની માફક સાત વિવિધ રંગોમાં વિભક્ત કરી શકાય છે. આ યંત્રને પેલા જંગી ટેલેસ્કોપ સાથે જોડીને તેઓ સફેદ પડદા ઉપર દૂરદૂરના તારાના પ્રકાશનો રંગપટ પણ સફેદ પરદા પર લાવી શકયા. એ રંગપટ જોઇને હવે ખગોળવેત્તાઓ સ્હેલાઈથી તે રંગપટનો પ્રકાશ આપતા તારાનું ઉષ્ણતામાન અને તેના વાતાવરણમાં રહેલાં રસાય-ણિક દ્રવ્યોની ઝીણી વિગતો આપણને કહી આપશે, એટલું જ નહિ પણ એ તારો પૃથ્વી તરફ ગતિ કરે છે કે પૃથ્વીથી દૂર ગતિ કરે છે તે પણ આ રંગપટ પરથી ખગોળવેત્તા જાણી શકશે અને તારા અને પૃથ્વી વચ્ચેનું અંતર પણ કહી શકશે.

પરંતુ માત્ર આ રંગપટો જોઇને જ વૈજ્ઞાનિકોએ સંતોષ ન માન્યો. એમણે તો એ રંગપટોના ફોટોગ્રાફ લેવાની પણ વ્યવસ્થા કરી. પરંતુ તેમાંય મુશ્કેલી તો નડી. કારણકે ફોટો લેતી વખતે રંગપટના પ્રકાશને એટલા બધા લેન્સમાંથી પસાર થવું પડે કે છેવટના ભાગમાં તો મૂળ પ્રકાશ ખૂબ ઝાંખો થઈ જાય છે. પરંતુ વૈજ્ઞાનિકો એમ કયાં હારે તેમ હતા. તેમણે નવો નુસ્ખો શોધી કાઢયો. કેમેરાના લેન્સીઝ પર લીથી-અમ કે કૅલ્શ્યમ ફ્લોરાઇડની ખૂબ પાતળી (ઈંચના ૪ લાખમા ભાગ જેટલી) પારદર્શક ફિલ્મ લગાડવાનું શરૂ કર્યું. આ ફીલ્મ (પટ)ને લીધે પ્રકાશ ઝાંખો થતો અટકયો.

ફોટોગ્રાફીમાં નડતી મુશ્કેલી ને દૂર કરવાના બીજા બે નવા નુસ્ખા પણ સાથોસાથ શોધાયા. તેમાં રાતા અને ભૂરા રંગની અતિશીઘ્ર-ગ્રાહક (Sensitive) એવી ફોટોગ્રાફિ પ્લેઇટ્સ નોંધપાત્ર ગણી શકાય. આ પ્લેઇટ્સની મદદથી તો ખગોળવિદ્યાનો ઘણો નવો પ્રદેશ સર કરાયો છે અને માનવ દૃષ્ટિથી જોઈ પણ ન શકાય તેવા દૂરના તારક જૂથોનું વિશિષ્ટ જ્ઞાન મેળવાયું છે.

રંગપટ-ટેલેસ્કોપ-ફોટોગ્રાફીના આ સંયોજનથી બીજી બે નોંધ-પાત્ર સિદ્ધિ પણ પ્રાપ્ત થઇ. એક તો એકે આકાશ-ગંગાથી યે દૂરના પ્રદેશમાં પથરાએલા તારકગણના ફોટોગ્રાફો લેવાનું આજ સુધી મુશ્કેલ હતું. તે લેવા માટે ખાસ 'ફાસ્ટ લેન્સીઝ' તૈયાર કરીને તેની મદદથી લીધેલા ફોટોગ્રાફો પરથી ખગોળવિદોએ નક્કી કર્યું હતું કે દૂર રહેલા તે તારકગણો પણ પૃથ્વી પાસેના તારકસમૂહની જેમ પૃથ્વીથી દૂર જ જતા હોય છે; માત્ર તેમની દૂર જવાની ગતિ ઘણી હોય છે. બીજું એ કે સપ્તર્ષિના તારકસમૂહની જે દિશામાં, માનવદૃષ્ટિ ન પહોંચે તેટલે દૂર, એક તારો છે. આ તારાની ફરતું હાઇડ્રોજન વાયુનું એક ચક્ર (Ring) વિંટળાએલું છે એવું કાંઈક ખગોળવિદોને લાગતું હતું પણ તે નક્કી થઈ શકતું ન હોવાથી એ બાબતમાં ખૂબ મૂંઝવણ થતી હતી. છેવટે આ શોધથી એ તારાના પ્રકાશના રંગપટોને પરદા પર પાડી જોતાં નક્કી થયું કે પેલું ચક્ર એ તારા આસપાસ વિંટા-એલું જ છે.

(સૂચિત) લલિત ભટ્ટ

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં

તા. ૩ જેને પરિણામે અમેરિકા શોધાયો તે (મૂળ તો હિંદ શોધવા માટેની) સફરે કોલંબસ ૩ વહાણ લઈ પોર્ટુગલથી ઊપડયા, ૧૪૯૨.

તા. ૭ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું અવસાન. ૧૯૪૧.

તા. ૮ કૉંગ્રેસ મહાસમિતિએ 'હિંદ છોડો' નો ઠરાવ પસાર કર્યો, ૧૯૪૨; જેને પરિણામે નેતાઓની દેશવ્યાપી ગિરફતારી થઇ.

તા. ૧૨ મુઘલ સરકારને વર્ષે ૨૬ લાખ રૂપિયા ભરવાની શરતે શાહ આલમે અંગ્રેજોને બંગાળ, બિહાર ને ઓરિસ્સા પ્રાંત સોંપ્યા, ૧૭૬૫.

તા. ૧૧ પહેલવહેલો અંગ્રેજ એલચી હિંદની ભૂમિ પર ઊતર્યો, ૧૬૦૮

તા. ૨૪ વિસુવિયસ ફાટવાથી પૉમ્પીઆઈનો મહાવિનાશ ઈ. ૭૯.

તા. ૨૮ ગુજરાતી સુધારકવીર કરસનદાસ મૂળજીનું અવસાન, ૧૮૭૧

તા. ૩૦ અંગ્રેજ કાવતરાખોર ગૉર્દિને રાઘોબાને ભંભેરી તેની પાસે નારાયણરાવ પેશ્વાનું ખૂન કરાવ્યું, ૧૭૭૩.

તા, ૩૧ 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'નું વિખ્યાત પુસ્તક લખનાર અંગ્રેજ ધર્મગુરુ લેખક જૉન બનિયનનું અવસાન, ૧૬૮૮.

આ માસની વ્યક્તિ વિશેષ

કૈખુશરૂ કાબરાજી



માત્ર ચાર પાંચ અંગ્રેજી ચોપડીના અભ્યાસના જ પાયા પર પુરુષાર્થના ચણતર વડે ઉજ્જવલ પત્રકારત્વની કારકીર્દિ ઘડ-નાર આ પારસી લેખક, નવલકાર, નાટક-કાર અને પત્રકારનો જન્મ ૧૮૪૨ની ૨૧ મી ઑગસ્ટે, છાપખાનાનો ધંધો કરનાર સુરતના વતની પારસી પિતાને ત્યાં મું-બાઈમાં થએલો. સોળમે વરસે અંગ્રેજી અભ્યાસ છોડી પિતાના જ ધંધામાં તે પડયા અને યુવાન વયે 'પારસીમિત્ર' પત્રના તંત્રી થયા; જેમાંથી આગળ વધી ધીમે ધીમે તે મોટાં પત્રોમાં મદદનીશ તંત્રી તરીકે કામ કરતા થયા અને ૧૮૬૨-૬૩માં નીડર સુધારક અને અગ્રણી સમાજસેવક સ્વ. કરસન-દાસ મૂળજીના વિખ્યાત પત્ર 'રાસ્ત ગોફતાર'મા જોડાયા, જે સ્થળેથી, સ્વ. કરસનદાસ ઇંગ્લંડ ગયા ત્યારે એમણે બજાવેલી તંત્રી તરીકેની કામગીરીએ ગુજરાતભરમાં એમનું નામ ગાજતું કરી દીધું. ઈ. ૧૯૦૦માં તેમને ઇંગ્લંડના 'બ્રિટિશ ઈન્સ્ટીટયુટ ઑવ જર્નાલિસ્ટ્સ'ના સભાસદ થવાનું માન મળ્યું. ઈરાનના શાહે તેમની સેવાઓની કદર તરીકે ૧૮૮૬માં એક ચાંદ અનાયત કર્યો હતો.

પત્રકારત્વ ઉપરાંત શારીરિક કેળવણી અને સમાજસુધારાનાં કાર્યોમાં પણ તે અગ્રેસર હતા અને એમનાં નીડર, સચોટ લખાણો તથા પારસી સંસારનું આલેખન કરતી એમની નવલકથાઓ પારસી જનતામાં ખૂબ લોકપ્રિય થઇ ગયાં હતાં. અંગ્રેજી ઉપરથી ઉતારેલી, પણ તેની અત્યંત તળપદી સજાવટથી મૌલિક જેવી જ લાગતી, એ નવલકથાઓ પૈકી દુખિયારી બચુ, ગુલી ગરીબ, ભોલો દોલો, બીમો ભરભરિયો વગેરે ખૂબ મશહૂર છે એ ઉપરાંત શાહનામા'ના પ્રસંગો ઉપરથી લખેલાં એમનાં નાટકો પણ લોકપ્રિય થયાં હતાં

ગુજરાતમાં સ્ત્રીઓ માટેનું પ્રથમ માસિક 'સ્ત્રી બોધ' પણ એમણે જ સ્થાપ્યું, જે, ઇ. ૧૯૦૪ની ૨૫મી અપ્રિલે ૬૨ વરસે થએલા એમના અવસાન બાદ, છેક હમણાં સુધી, એમનાં પુત્રી ચલાવતાં હતાં.

પ્રભો! શિર નમ્યું; નમ્યું જ ઘડું સર્વદા, એટલી
વિશુદ્ધ મતિ રાખજે: સકલ અન્ય એમાં બધું.

બ. ક. ઠાકોર

અમદાવાદના સ્થાપક અહમદશાહના જમાઇએ એક નિર્દોષ માણસનું ખૂન કર્યું. અહમદશાહની કડક ન્યાયપ્રિયતાથી વાકેફ વજીરે, જમાઇપાસે મરનારનાંવારસને બસો સોનામહોરો અપાવી એ કેસ પરભારો પતાવી દીધો. પણ બાદશાહને તેની જાણ થતાં તેણે વજીરને આ માટે ઠપકો આપી આ કેસ ફરી જાતે ચલાવી ચુકાદો આપ્યો કે 'મારી મહેરબાનીનો લાભ લઈ મારાં સગાંઓ કે પૈસાદારો નિર્દોષ પ્રજાને આમ રંજાડે તો ગરીબો માર્યા જાય. ખૂનીને ફાંસીની જ સજા જોઇએ, અને તેથી મારા જમાઇને ફાંસીની સજા ફરમાવું છું.' અને એ ન્યાયપ્રિય બાદશાહે પોતાના ખૂની જમાઇને મહેલની સામે જ ફાંસીએ લટકાવ્યો.

કહેવતોના અર્થ: 'મિયાંની ભેંશને ડોબું ન કહેવાય'—યોગ્ય ઠપકો કે કડવું સત્ય વચન ન સાંખી શકનારા, તેમજ નાનાશા કારણ ઉપર પણ છણકો કરી ઉઠનારા હુંપદી, તુંદમિજાજી કે ચીડુ માણસને ઉપાલંભ આપવા માટે વપરાતી આ કહેવત માટે વાત છે કે એક ગામમાં એક અભિમાની મિયાં એટલા મિજાજખોર હતા કે વાતવાતમાં ઝગડી પડતા. એક વખત એમની ભેંશ કોઈ ખેતરમાં પેઠી. ખેડૂતે તેમની પાસે તેની રાવ ખાતાં કહ્યું કે 'તમારૂં ડોબું મારૂં કેટલું નુકસાન કરી ગયું તે જુઓ !' એ પરથી મિયાં તો સામા તેને લેતા પડયા કે 'મારી ભેંસને 'ડોબું' કહેનાર તું કોણ?' એને મળતી બીજી કહેવત: 'રાણાને કાણો ન કહેવાય' વગેરે

અનેકાર્થી શબ્દ: **રવૈયો**=દહીં વલોવવાનું સાધન; શિરસ્તો કે રિવાજ; રવૈયું=ઝીણું વેંગણ; એવાં ઝીણાં શાકને ચીરી મસાલો ભરી કરેલું—ભરતનું શાક.

નવાં ખરીદેલાં ચિનાઇમાટીના પ્યાલા-રકાબી તથા વાસણોને પહેલેથી જ રીઢા બનાવી લેવા માટે આ નુસખો અજમાવજો: એક મોટા તપેલામાં ઠંડુ પાણી ભરી તેમાં એ વાસણોને ૨૪ કલાક ડૂબાડૂબ રાખો. પછી ખૂબ ધીમી આંચે એ પાણીને ગરમ કરતા જઇ આંધણ જેવું ઉકળવા દો. પછી તે ઉતારી લઇ આપમેળે તદન ઠંડું પડી જાય ત્યાં સુધી વાસણો અંદર જ રહેવા દો. છેવટે સાફ કરીને સમધારણ વાતાવરણમાં મૂકી છાંડો.



આજના કોઇમ્બતુર ને સાલેમ જિલ્લાઓવાળો પશ્ચિમ મ્હૈસુરનો ભાગ જે કોંગુદેશ કહેવાતો ત્યાંના 'ગજપતિ' નામે ઓળખાતા ચેરા રાજાઓએ 'હાથી-પેગોડા' નામના સિક્કાઓ પાડેલા, જેનું ચિત્ર આ સાથે આપ્યું છે. તેમાં એક તરફ અલંકૃત હાથીનું ચિત્ર અને પાછલી બાજુ વર્તુલાકારી પુષ્પગુચ્છનાં આલેખનો છે; જેની નકલો પાછળથી કાશ્મીરના હર્ષદેવે (ઇ.૧૦૮૯) પણ કરેલી.

ગણિત ગમ્મત:


$૧^2 = ૨^2 - ૩$
$૨^2 = ૩^2 - ૫$
$૩^2 = ૪^2 - ૭$
$૪^2 = ૫^2 - ૯$
$૫^2 = ૬^2 - ૧૧$

અને એમ આગળ
(પી. એ વ્યાસ)



આ મહાયુદ્ધમાં સેવા આપી છુટા થએલાં અમેરિકન નાગરિકોને દેશ તરફના માનચિહ્ન તરીકે આપવાના જે સોનાના બટનનું ચિત્ર ૨૬૪મા અંકને છેલ્લે પાને આપવામાં આવ્યું હતું એ જ ચિહ્નની છાપવાળી ત્રણ સેન્ટની ટપાલની ટિકિટો પણ એ યુદ્ધસેવા બજાવનારા નાગરિકોના માનમાં ત્યાંના ટપાલખાતાએ કાઢી છે તેનું ચિત્ર ઉપર આપ્યું છે. તેની નીચે શબ્દો છે: Honouring those who have served (સેવા આપનારાઓના માનમાં)

રાત્રેદીવાના પ્રકાશમાં સીવવાના સંચાની સોય પરોવવી ન ફાવતી હોય તો સોયની નીચે નાનકડો અરીસો રાખજો; અરીસા વડે પરાવર્તન પામેલો પ્રકાશ બરોબર સોય ઉપર પડશે, અને તરત પરોવાઇ જશે



આ એરોપ્લેનની પહોળાઈ કરતાં લંબાઇ વધુ લાગે છે ખરૂં? પણ એ દૃષ્ટિભ્રમ છે બંને સરખાં જ છે માપી જુઓ.

ગરીબ માણસને ભવિષ્યનો વિચાર આનંદપ્રેરક હોય છે, કે કોઇક દિવસે પણ આપણે પૈસાદાર થઇશું; જ્યારે શ્રીમંતને ભવિષ્યનો વિચાર હમેશાં ચિંતાથી બાળતો જ હોય છે કે રખેને હું ગરીબ બની જાઉં !

'બાઇબલ' એ મૂળ ગ્રીક ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ 'પુસ્તક' એટલોજ થાય છે.

ઘરધણી (ઘર ભાડે રાખવા આવનારને): જુઓ ભાઈ, અમને શાંતિ ખાસ જોઇએ. તમારે કાંઇ છોકરાં છૈયાં છે કે ?

ભાડુત: ના જી.

ઘરધણી: હાર્મોનિયમ, ગ્રામોફોન કે રેડિયો રાખ્યાં છે કે ?

ભાડુત: ના.

ઘરધણી: ત્યારે બીજું કાંઇ વાજું તો વગાડતા નથી ને? કૂતરો, બિલાડી કે પોપટ જેવું કોઇ જાનવર પાળેલું છે ખરૂં?


ભાડુત (ચીડાઇને) ના જી; ફક્ત લખતી વખતે મારી ફાઉન્ટનપેન કોઇકોઇવાર જરા અવાજ કરે છે!

સાઈકલનાં પૈડાંની લોખંડી કિનારો પર ચોમાસામાં ચડેલો કાટ સાફ કરવા માટે બ્રશના ડટ્ટા પર એમરી પેપર કે કાચકાગળ વીંટાળીને એક હાથે રાખી પૈડું ફેરવતા જજો સરળતાથી સાફ થઈ જશે.

નાના બાળકને નવા જોડા પહેરવતાં પહેલાં તેમાં શંખજીરાની ભૂકી છાંટવી. સુંવાળા રહેશે



તમને જાણીને આશ્ચર્ય થશે કે આ વિચિત્ર દેખાતી આકૃતિ, એ પોતાના બે હાથ ઊંચા કરેલા એક માણસનું ચિત્ર છે! એ 'બોલોમીટર' નામના એક અતી તીવ્ર ઈન્ફ્રારેડ કૅમેરા વડે તદન ગાઢ અંધારામાં પાડેલું છે. એ યંત્ર અંધારામાં છેક પંદર માઈલ સુધી જોઇ શકે છે!



હિન્દી ઢબનાં ફર્નિચર (આલેખક • કનુ દેસાઈ) (૧) પાટ–તકિયા સાથે (૨) બાજઠ–આસન (૩) ખુરશીઘાટની માચી (૪) નીચા ઘાટનો હિંદી ઢબનો મોટો પલંગ (૫) લાંબા પાટ:પીઠ વાળા (૬) હિંદી ઘાટના ખુરશી (૭) સોફા (૮) ખાટલી (૯) ટીપાઇ (૧૦) ગાદી વાળી નીચી ખુરશી (૧૧) ટેબલ-કબાટ : બે ખાનાંવાળું (૧૨) ગાદી-બેઠક (૧૩) ભોજન માટેનાં ટેબલ-ખુરશી (૧૪–૧૫) ટોઇલેટ-ટેબલ (૧૬) ગુજરાતી ઢબનો પલંગ બેસવા તથા સૂવા બંને ઉપયોગનો (૧૭) ગાદીવાળો બાજઠ (૧૮) નીચા ઘાટનો બાજઠ (૧૯) દીવો તથા ચોપડીઓ રાખી શકાય તેવી આરામગાદી (૨૦) નીચા ગાદીની ખુરશી (૨૧) હિંદી ઢબની આરામખુરશી:ગાદી વાળી ('શૃંગારિકા'ની આગામી અંગ્રેજી આવૃત્તિમાંથી—કલાકારના સૌજન્યથી)